

તંત્રમાર્ગ

(શક્તિપૂજા)

₹ ૧૫/-

પ્રભુ અર્પણ

ઑક્ટોબર - ૨૦૧૫

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

✻

આધ્યાત્મિક શક્તિને તેનું પોતાનું નક્કરપણું છે, તે એવું રૂપ લઈ શકે છે કે જેની તમને સભાનતા રહે છે અને તમે પસંદ કરો તેવા કોઈ પણ પદાર્થ ઉપર નક્કર રીતે એ શક્તિ તે રૂપને મોકલી શકે છે.

શ્રી અરવિન્દ

પુરુષોત્તમના સંબંધે મા ભગવતી એ વિશ્વોથી પર રહેલી પરમ દિવ્ય ચેતના, આદ્ય શક્તિ છે. પરમાત્માને તે પોતાની અંદર ધારણ કરે છે, અને ક્ષર તથા અક્ષર દ્વારા જગતોની અંદર પરમાત્માનો આવિર્ભાવ કરે છે. અક્ષરના સંબંધે તે એ જ પરા પ્રકૃતિ છે, અને પોતાની અંદર પુરુષને તે અક્રિય રૂપે ધારણ કરે છે અને સર્વ સર્જનની પાછળ તે પોતે પણ પુરુષની અંદર અક્રિય રૂપે રહે છે. ક્ષરના સંબંધે તે ક્રિયાશીલ એવી વિશ્વરૂપ શક્તિ છે અને સર્વ પ્રાણીઓ અને શક્તિઓનો તે આવિર્ભાવ કરે છે.

શ્રી અરવિન્દ

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ – પૃ. ૧૪)

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ઓક્ટોબર – ૨૦૧૫ વર્ષ : ૦૧ અંક : ૧૦

અનુક્રમ

તંત્રમાર્ગ

(શક્તિપૂજા)

દેવી સ્તોત્ર	૦૫
તંત્રનું તત્ત્વજ્ઞાન અને એનો સિદ્ધાંત	૦૬
કુંડલિની શક્તિ	૧૧
શક્તિઉપાસના	૧૮
પૂર્ણયોગ અને તંત્ર	૨૮
પ્રભુ માતૃસ્વરૂપે	૩૪
અનંત શક્તિની રીત	૩૮
* * *	
વૃત્ત વિશેષ	૪૧

સંપાદકીય નોંધ :- તંત્રમાર્ગ વિશેનું આ સંકલન સાવધાનીના સૂર સહિત વાંચવું જરૂરી છે. સૌ પ્રથમ અને મુખ્ય વાત એ છે કે આ સંકલન સંપૂર્ણ તો નથી જ અને તંત્રમાર્ગની ભિન્ન ભિન્ન બાજુઓનો સંસ્પર્શ કરવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો હોવા છતાં તંત્રમાર્ગની સર્વસામાન્ય વિગતો અને એના સંક્ષિપ્ત સારથી વધુ કંઈ રજૂ કરી શકાય એમ નથી. બીજું, તંત્રના અમુક ઘટક તત્ત્વો શ્રી અરવિન્દના યોગના અંશ તરીકે — દા.ત. દિવ્ય મા ભગવતી પરત્વે અભિમુખ થવું, અને આ યોગમાં મા ભગવતીની કેન્દ્રસ્થ ભૂમિકા — સ્વીકારાયાં હોવા છતાં શ્રી અરવિન્દનો યોગ એ તાંત્રિક યોગ છે એવો અર્થ કરવાનો નથી. ત્રીજું, અમુક લખાણો (ફકરાઓ)ને એમના સંદર્ભો મુજબ મૂલવવાનાં છે, દા.ત. સાંજના વાર્તાલાપોમાંના અંશો. એ જ રીતે 'શક્તિ ઉપાસના' વિભાગમાંનાં લખાણો 'યૌગિક સાધન' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં, જેના લેખકનું નામ 'ઉત્તરાયોગી' છે એમ જણાવવામાં આવ્યું હતું. અલબત્ત શ્રી અરવિન્દ જ એ 'ઉત્તરાયોગી' છે, આ નામ દક્ષિણના એક યોગી 'નગઈજપ્તા'ની ભવિષ્યવાણી મુજબ એમને આપવામાં આવ્યું હતું. શ્રી અરવિન્દ પોંડિચેરી પધારવાના છે એવી ભવિષ્યવાણી કરતાં શ્રી નગઈજપ્તાએ આ નામ 'ઉત્તરા યોગી'નો ઉપયોગ કર્યો હતો. 'યૌગિક સાધન'ના પ્રકાશન સમયે શ્રી અરવિન્દે ઉપસંહારમાં જે લખી જણાવ્યું હતું તેનો છેલ્લો ભાગ આ અંકમાં 'શક્તિ ઉપાસના' વિભાગના અંત ભાગે પૃ. ૨૬ ઉપર પ્રસિદ્ધ કર્યો છે.

દેવી સ્તોત્ર

વિશ્વનું આદિ કારણ અને વિશ્વની માતા,
'તે' કે જેનું સ્વરૂપ શબ્દબ્રહ્મનું છે
અને મુદા (પરમ આનંદ) જેનું દ્રવ્ય છે.
હે દેવી, તમે આદિ કાળથી વિદ્યમાન છો,
તમે છો અગણિત જીવોની જનેતા,
બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, જે સર્જન કરે છે,
પોષણ કરે છે તેમ જ ભુવનોનો વિનાશ કરે છે
તેમના દેહોની કર્ત્રી તમે જ છો.
તમે જગતનું આદિ કાળનું ઉપાદાન હોવા છતાં
હે દેવી, તમે સદા યુવાન જ છો.
તમે પર્વતરાજનાં દીકરી હોવા છતાં
હે દેવી તમે સુકોમળ છો.
તમે વેદોની જનેતા હોવા છતાં હે દેવી, દેવો
તમારું વર્ણન કરી શકતા નથી.
હકીકત એ છે કે માણસોએ તમારું જ ધ્યાન ધરવું
જોઈએ; તેમ છતાં માણસોનું મન તમારાં સ્વરૂપનું
આકલન કરી શકતું નથી.

એમ કહેવાય છે કે તાંત્રિક સંકલન 'તંત્રસાર' માંથી આ સ્તોત્ર તારવી કઢાયેલું છે. આ સ્તોત્રનો પ્રારંભ મહાન દૈવી પ્રતીકના પરમ અર્થથી સભર છે તો એનો અંત માતાના દેહની આરાધનામાં 'સ્વ'ના સમગ્ર પરિત્યાગમાં પરિણમે છે. આ સાર્વત્રિકતા છે તાંત્રિક પદ્ધતિની લાક્ષણિકતા. અને આ લાક્ષણિકતા એની અભીપ્સામાં આવિર્ભાવ પામેલ તથા આવિર્ભાવથી પર રહેલ પ્રભુના સમગ્ર સ્વરૂપને આરાધનાપૂર્વક, સ્વ-નિયંત્રણપૂર્વક તેમ જ એક માત્ર આત્માના જ્ઞાનપૂર્વક આશ્લેષમાં લેવાના થયેલા અત્યાર સુધીના પ્રયત્નોમાં મહાનતમ પ્રયત્ન છે.

(CWSA 1 : 574-75)



તંત્રનું તત્ત્વજ્ઞાન અને એનો સિદ્ધાંત

તંત્રનો મુખ્ય સિદ્ધાંત

જો આપણે ક્રિયાઓની વાત બાજુ પર મૂકીને મુખ્ય સિદ્ધાંતની દૃષ્ટિએ જ જોઈએ તો જણાશે કે તંત્રમાર્ગ વૈદિક યોગપદ્ધતિઓથી સ્પષ્ટ રીતે જુદો પડે છે. અત્યાર સુધી આપણે જે યોગમાર્ગોની વાત કરી તે બધાના જ મૂળ સિદ્ધાંતો, એક રીતે તો વેદાન્તની ઉપર રચાએલા છે. તેમની શક્તિ જ્ઞાનમય છે. તેમની પદ્ધતિ પણ જ્ઞાનપ્રધાન છે, (જો કે એ જ્ઞાન કાંઈ હંમેશાં બુદ્ધિપ્રધાન નથી હોતું પણ પ્રેમ અને શ્રદ્ધામાં વ્યક્ત થતું હૃદયનું જ્ઞાન પણ હોય અથવા કર્મ દ્વારા સાકાર થતું સંકલ્પશક્તિનું જ્ઞાન પણ હોય.) એ બધા જ માર્ગોમાં યોગના અધિષ્ઠાતા તરીકે તો પુરુષને જ સ્વીકારવામાં આવે છે. આ પુરુષ છે ચૈતન્યમય આત્મા કે જે જ્ઞાતા છે, સાક્ષી છે, જે મોહન છે, જે સત્તાધીશ છે. પણ તંત્રમાં અધિષ્ઠાત્રી છે — પ્રકૃતિ, શક્તિ, સમર્થ સંકલ્પ-શક્તિ, વિશ્વની નિયંતા. આ સમર્થ સંકલ્પ-શક્તિનાં ગહન રહસ્યો, તેની પદ્ધતિ, તેનું તંત્ર એ સર્વ જાણીને, તેનો પ્રયોગ કરીને તાંત્રિક સાધકો પ્રભુત્વ, પૂર્ણતા, મુક્તિ અને પરમાનંદના પોતાના ધ્યેયની સાધના કરતા. આવિર્ભાવ પામેલી પ્રકૃતિ અને તેની તરફથી આવતી મુશ્કેલીઓથી પાછા હઠવાને બદલે તેઓ તેનો સામનો કરતા, તેને પકડમાં લેતા અને તેની પર વિજય મેળવતા. પણ પ્રકૃતિનું વલણ છે તંત્રોમાં અટવાઈ જઈને મૂળ સિદ્ધાંતને ભૂલી જવાનું. તંત્રમાર્ગનું પણ એવું જ બન્યું; તંત્ર રહ્યું, સિદ્ધાંત વીસરાઈ ગયો; વિધિ અને ગુહ્ય

કર્મકાંડ બાકી રહ્યાં. આ વસ્તુઓનો યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આવે તો હજી આજે પણ તે બધાં ખૂબ અસરકારક છે. પણ તેના મૂળ ધ્યેયમાં જે વિષદતા હતી તે આજે નથી રહી.

(યોગમાર્ગોનો સમન્વય-૧ પૃ.૪૯-૫૦)

***

વેદાન્ત અને તંત્ર : એકમેવ સત્યની બે બાજુઓ છે.

વેદ અને વેદાન્ત એકમેવ સત્યની એક બાજુ છે; તંત્ર, જે શક્તિને મહત્ત્વ આપે છે, તે છે બીજી બાજુ. આ યોગમાં એકમેવ સત્યની સર્વ બાજુઓને સમાવી લેવામાં આવે છે; પરંતુ તે અગાઉથી એને આપવામાં આવેલાં પદ્ધતિસરનાં રૂપોમાં નહિ. એકમેવ સત્યની સર્વ બાજુઓને આ યોગમાં તત્ત્વતઃ સમાવવામાં આવે છે અને તેમને તેમના પૂર્ણતમ સ્વરૂપે અને ઉચ્ચોચ્ચ સાંકેતિક મહત્ત્વ સહિત સમાવવામાં આવે છે. વેદાન્ત દિવ્ય જ્ઞાનના સિદ્ધાંતો અને મુખ્ય તત્ત્વો ઉપર વધુ ભાર મૂકે છે અને એટલે વેદાન્તના આધ્યાત્મિક જ્ઞાન તેમજ અનુભૂતિનો ઘણે ખરો ભાગ અક્ષરશઃ 'આર્ય'(૧) ત્રૈમાસિકમાં સ્વીકારવામાં આવ્યો છે. તંત્રમાર્ગ રૂપો, પ્રક્રિયાઓ અને સુગઠિત શક્તિઓને વધુ મહત્ત્વ આપે છે. આ સર્વ (રૂપો, પ્રક્રિયાઓ અને સુગઠિત શક્તિઓનું કાર્ય) જે પ્રમાણે હતું તે જ રૂપે સ્વીકારી શકાય નહિ; કારણ પૂર્ણયોગ પોતાનાં જ રૂપો અને પ્રક્રિયાઓ વિકસાવે એ જરૂરી છે. પરંતુ મેં જે રૂપાંતરની પ્રક્રિયાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે એ રૂપાંતરની પ્રક્રિયા પૂઠળે ચક્રો મારફતે ચેતનાનું આરોહણ અને તંત્રનું અન્ય જ્ઞાન તો રહેલાં છે જ. અને એ સત્ય પણ આ રૂપાંતરની પ્રક્રિયા પાછળ રહેલું છે જ કે શ્રી માતાજીની શક્તિ વિના કંઈ પણ સિદ્ધ કરી શકાય નહિ. (CWSA 29 : 459)

***

સૌથી પહેલાં તો આપણે એ વાત નોંધવી ઘટે કે હજી આજે પણ ભારતમાં એક એવી જાણવા જેવી પદ્ધતિ હયાત છે કે જે પોતાની શરૂઆત કરે છે પ્રકૃતિના એક મહાન અને કેન્દ્રીય સિદ્ધાંતમાંથી, પ્રકૃતિની એક મહાન અને ગતિશીલ શક્તિમાંથી. તેનો પ્રકાર સમન્વયના જેવો છે, પણ તેણે બધા યોગમાર્ગોનો સમન્વય નથી કર્યો; એ પોતે એક સ્વતંત્ર યોગમાર્ગ જ રહ્યો છે. એ છે તંત્રની સાધના. આ સાધનાના વિકાસમાં કેટલીક બાબતો એવી બની કે જેને લીધે બિન—તાંત્રિક લોકોમાં એ વગોવાઈ — ખાસ કરીને તો તેના વામમાર્ગને લીધે. આ વામમાર્ગે પાપ અને પુણ્યથી પર થઈ જવામાં સંતોષ ના માન્યો; અને એ દ્વંદ્વની જગ્યાએ સહજ ધર્મવાળાં કર્મને સ્થાપવાને બદલે ભોગ ભોગવવાને, સંયમ વિના સામાજિક અનીતિ આચરવાને જાણે કે પોતાનો માર્ગ બનાવ્યો. એ ગમે તેમ, પણ મૂળમાં તો તંત્રમાર્ગ એક મહાન અને સમર્થ માર્ગ હતો જ. અને તેના મૂળભૂળ સિદ્ધાંતો મોટે ભાગે ખરા હતા. તેના દક્ષિણ અને વામમાર્ગના ફાંટાની શરૂઆત પણ એક સત્ય પર જ થએલી છે. દક્ષિણ અને વામ શબ્દોનો મૂળ અર્થ જોતાં તેમનો ભેદ જ્ઞાન અને આનંદના પાયા પર રચાયો હતો. આપણી પ્રકૃતિમાં જે શક્તિઓ, તત્ત્વો અને

(૧) ૧૯૧૪થી ૧૯૨૦ દરમિયાન શ્રી અરવિન્દે પ્રકાશિત કરેલું સામયિક

છૂપી શક્યતાઓ પડેલી છે તેના સામર્થ્યમાં અને તેને અજમાવવામાં જો વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને માણસની પ્રકૃતિ મુક્ત બને તો તે દક્ષિણ માર્ગ અને જો તેનો આનંદપૂર્વક સ્વીકાર કરીને મુક્ત બને તો તે વામમાર્ગ. પણ છેવટે આ બંને માર્ગોના સિદ્ધાંતો લુપ્ત થઈ ગયા, વિધિઓ વિકૃત થઈ ગઈ અને તેમનાં પોતાનાં પતનો થયાં. (યોગમાર્ગોનો સમન્વય-૧ પૃ.૪૮-૪૯)

***

તંત્રનો મુખ્ય સિદ્ધાંત

તંત્રના આ મુખ્ય સિદ્ધાંતમાં આપણને સત્યની એક બાજુ જાણવા મળે છે. એ છે, સર્વ સિદ્ધાંતોનું એકમાત્ર સાધન : શક્તિ, શક્તિની આરાધના. બરાબર તેને સામેને છેડે છે વેદાન્તનો સિદ્ધાંત, તે કહે છે : શક્તિ તો માયામયી છે; અને સક્રિય પ્રકૃતિએ સર્જેલ માયામાંથી મુક્તિ મેળવવાનો માર્ગ છે નીરવ, નિશ્ચલ પુરુષની શોધ. પણ સમન્વયની નજરે જોતાં પુરુષ (જે ચૈતન્યમય આત્મા છે) એ ઈશ્વર છે અને પ્રકૃતિ (કે જે પોતે પણ આત્મસ્વરૂપ છે) એ પુરુષની ક્રિયાત્મક શક્તિ છે; પુરુષ એ અનંત, શુદ્ધ, સ્વયંભૂ સત્ છે, પ્રકૃતિ એ ચિત્ છે, પુરુષની સચેતન સત્તાની શક્તિ છે, એ પણ શુદ્ધ અને અનંત. બંને વચ્ચે સંબંધ છે નિવૃત્તિ અને પ્રવૃત્તિના બે સામસામા છેડા જેવો, શક્તિ જ્યારે સચેતન સ્વયંભૂના પરમાનંદમાં મગ્ન હોય છે ત્યારે એ નિવૃત્તિ કહેવાય છે; પુરુષ જ્યારે પોતાની શક્તિના કાર્યમાં પોતાની જાતને વહેતી મૂકે છે ત્યારે એ કહેવાય છે પ્રવૃત્તિ. સર્જન, સૃષ્ટિ અને આવિર્ભાવનો આનંદ પણ એ જ છે. આનંદ જ વિશ્વનો, બહુત્વનો સર્જક અને આદિકારણ છે એ સાચું પણ તેની પદ્ધતિ કેવી છે ? તપસ્ (એટલે કે પુરુષના ચૈતન્યની શક્તિ) પોતાનામાં જ રહેલ અનંત શક્યતાઓની ઉપર નજર નાખે છે અને એ શક્યતામાંથી વિજ્ઞાનનું સર્જન કરે છે, (વિજ્ઞાન એટલે વસ્તુઓ આવિર્ભાવ પામે તે પહેલાંનાં તેમનાં મૂળ અને સત્ય સ્વરૂપો). આ વિજ્ઞાનનો ઉદ્ભવ એક સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સ્વયંભૂ સત્માંથી થએલો હોવાથી તેને ખાતરી હોય છે કે તેનાં સત્યો સાકાર થવાનાં જ છે; અને મન, પ્રાણ તથા શરીરરૂપે તેઓ જે આવિર્ભાવ પામવાનાં છે તેના સ્વભાવ અને ધર્મ પણ તેની પોતાની અંદર મૂળથી જ આવી રહેલા હોય છે. તપસ્માં મૂળથી જ રહેલ સર્વશક્તિમાનપણું અને વિજ્ઞાનમાં રહેલ અનિવાર્ય કૃતાર્થતા એ જ તો છે બધા યોગમાર્ગોનો ખરેખરો પાયો. માણસમાં પણ આ બે વસ્તુઓ આવી રહેલી છે. તેમને આપણે સંકલ્પશક્તિ અને શ્રદ્ધાના નામે ઓળખીએ છીએ. સંકલ્પશક્તિ એ આખરી વિજય પામનારી વસ્તુ છે કારણકે તેનું મૂળ તત્ત્વ છે જ્ઞાન; અને શ્રદ્ધા એ છે કે સત્યનો, આવિર્ભાવ પામતાં પહેલાંનાં મૂળ સ્વરૂપનો, નિમ્ન પ્રકૃતિમાં પડતો પડઘો. ગીતામાં કહ્યું છે : यो यच्छ्रद्धः स एव सः । એટલે કે માણસ પોતાના વિશે જેવી શ્રદ્ધા રાખે છે, ખાતરી રાખે છે, તેવો જ તે થાય છે.

(યોગમાર્ગોનો સમન્વય-૧ પૃ. ૫૦)

***

સ્ત્રીની દેવી તરીકે આરાધના

विद्या: समस्ता: तव देवि भेदा:
स्त्रीय: समस्ता: सकला जगत्सु

'હે દેવી સર્વ વિદ્યાઓ અને ભુવનોમાંની સર્વ સ્ત્રીઓ સંપૂર્ણપણે આપના અંશો છે.'

એટલે એનો અર્થ એ થયો કે જીવંત વ્યક્તિતામાં જ્યાં જ્યાં નારીજાતિનું તત્ત્વ જોવા મળે ત્યાં દિવ્ય માતારૂપી આત્મતત્ત્વની સંપૂર્ણ સંનિધિ જોવા મળે છે. દેવી એમની સર્વ કળાઓ સહિત સ્ત્રીમાં વિદ્યમાન હોય છે. સ્ત્રીમાં આપણે દુર્ગા, અન્નપૂર્ણા, તારા અને મહાવિદ્યાઓનાં દર્શન કરવાં જોઈએ. અને માટે જ તંત્રમાં કહેવાયું છે કે (મી. એવલોને પોતાની પ્રસ્તાવનામાં નોંધ્યું છે તેમ) ''સાધક જ્યાં જ્યાં સ્ત્રીનાં ચરણો જુઓ ત્યાં ત્યાં એણે પોતાના આત્મામાં એ ચરણોની પૂજા કરવી જોઈએ; જે રીતે તે પોતાના ગુરુની પૂજા કરે છે, તે જ રીતે.''

હિંદુત્વના શક્તિ સિદ્ધાન્તનો આ વિચાર આ પ્રમાણે સ્ત્રીમાં રહેલી દિવ્યતાનો તડજોડ કર્યા વગરનો એકરાર બની રહે છે. અને એ રીતે વેદાન્તિક સિદ્ધાન્તઃ 'માનવની અંદર દિવ્યતા છુપાઈને રહેલી છે' એને પૂર્ણતા બક્ષે છે. વેદાન્તનો આ સિદ્ધાંત તે જાણે માત્ર નર જાતિને જ લાગુ પડે છે એવું આચરણમાં મૂકવા માટે આપણે ખૂબ આતુર રહીએ છીએ. અને બે સ્વરૂપોમાં થયેલા ભિન્ન આવિર્ભાવમાં દિવ્યતા રૂપ જે પૂર્ણ સામ્ય રહેલું છે તેનો ભલે આપણે શબ્દોમાં ઇનકાર ન કરતાં હોઈએ છતાં મૌન રહીને એને આપણે બાજુ ઉપર તો હડસેલી જ દઈએ છીએ.

(CWSA 1 : 571)

***

આ યોગમાં માત્ર એક જ પદ્ધતિ છે. તમારી જાતને એકાગ્ર કરીને— આ એકાગ્રતા હૃદયમાં કરવી વધુ ઠીક છે – શ્રી માતાજીની શક્તિનું અને તેમના સાંનિધ્યનું આવાહન કરો અને તેને પ્રાર્થના કરો કે તેઓ તમને પોતાના હાથમાં લઈ લે અને તેમની શક્તિના કાર્ય દ્વારા તમારી ચેતનાનું રૂપાંતર સાધી આપે. મસ્તકની અંદર યા તો ભ્રમરની વચ્ચે પણ એકાગ્રતા કરી શકાય છે. પણ ઘણા લોકો આરંભમાં આ વસ્તુ કરી શકતા નથી. તેમને તે ઘણું કઠણ લાગે છે. આવી એકાગ્રતાને પરિણામે મન જ્યારે તદ્દન શાંત પડી જાય, એકાગ્રતા ખૂબ જ જોરદાર બનવા માડે અને અભીપ્સા તીવ્ર બનવા લાગે ત્યાર પછી અનુભૂતિનો આરંભ થાય છે. શ્રદ્ધા જેટલી વધુ, તેટલું પરિણામ પણ વધુ ઝડપી બનવા સંભવ છે. આથી આગળની વસ્તુઓ માટે સાધકે કેવળ પોતાના જ પુરુષાર્થ પર આધાર રાખવાનો નથી. સાધકે પ્રભુની સાથે સંબંધ સ્થાપવાનો છે, અને શ્રી માતાજીની શક્તિ અને સાંનિધ્યને ઝીલવા માટેની શક્તિ મેળવવામાં સફળ થવાનું છે.

શ્રી અરવિન્દ

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : ૨૨-૨૩)



ॐ आनन्दमयि चैतन्यमयि सत्यमयि परमे

Om anandamayi chaitanyamayi
satyamayi parame



કુંડલિની શક્તિ

ગૂંચળું વાળીને પડેલી યોગશક્તિને જાગ્રત કરવી

મધુર માતાજી, અહીં એમ લખવામાં આવ્યું છે કે, ''એક યોગશક્તિ ગૂંચળું વાળીને પડેલી અથવા સુષુપ્ત છે.'' તેને કેવી રીતે જાગ્રત કરી શકાય ?

હું ધારું છું કે માણસ યોગ કરવાનો નિર્ણય કરે છે કે તરત જ તે જાગ્રત થાય છે. જો નિર્ણય સાચા દિલનો હોય અને માણસમાં અભીપ્સા હોય, તો તે તરત જ સ્વાભાવિક રીતે જાગ્રત થાય છે.

કદાચ તેની જાગ્રતિ જ માણસને યોગ કરવાની અભીપ્સા આપે છે.

શક્ય છે કે તે કૃપાનું પરિણામ હોય, અથવા યોગ વિશે થોડીક વાતચીતથી અથવા તેના વાચનથી તમને યોગ વિશે જાણવાનો અને અભીપ્સા કરવાનો વિચાર છે અને તમે યોગ કરવા માંડો છો. કેટલીક વાર તેને માટે માત્ર કોઈકની સાથે યોગ વિશે વાતચીત અથવા એક ફકરાનું વાચન બસ હોય છે. તે આ યોગ શક્તિને જાગ્રત કરે છે, અને તે તમારી પાસે યોગ કરાવે છે.

પ્રથમ, માણસ તેનાથી સભાન હોતો નથી, સિવાય કે આપણા જીવનમાં કાંઈક પરિવર્તન પામ્યું હોય, એક નવીન નિર્ણય, વળાંક લેવાયો હોય.

મધુર માતાજી, આ યોગશક્તિ એ શું છે ?

તે પ્રગતિ માટેની શક્તિ છે, તમારી પાસે યોગ કરાવે છે, તમારી પાસે સભાનપણે પ્રગતિ કરાવે છે. તે એક સભાન શક્તિ છે.

હકીકતમાં, યોગશક્તિ એ યોગ કરવાની શક્તિ છે.

મધુર માતાજી, નીચેથી દિવ્ય શક્તિઓને ખેંચવી એ વધારે કઠિન નથી ?

હું ધારું છું કે તેમ કરવું તદ્દન અર્થહીન છે.

મેં ઘણી વાર કેટલાક લોકો પાસેથી સાંભળ્યું છે કે પૃથ્વીમાં ઘણી શક્તિ ભરી પડેલી હોય છે; જો લોકો તે શક્તિને પોતાનામાં ખેંચે, તો તેઓ આ વસ્તુઓ કરી શકે છે; પણ તે હંમેશાં સંમિશ્રિત છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૧૦૭-૧૦૮)

***

માણસ કેવી રીતે પોતાની યોગશક્તિને જાગ્રત કરી શકે ?

તે એ વસ્તુ પર આધાર રાખે છે કે તેણે એમ માનવું જોઈએ કે યોગ મારા જીવનમાં સૌથી વધારે મહત્ત્વની વસ્તુ છે. બસ.

જ્યારે તેને યોગ પોતાના જીવનમાં સૌથી વધારે મહત્ત્વની વસ્તુ લાગે છે, બીજી બધી

વસ્તુઓમાંથી રસ ઊડી જાય છે, જ્યારે તેને અંદર એમ લાગે છે કે હું માત્ર યોગ કરવા માટે જ પૃથ્વી પર જન્મ્યો છું, તે જ માત્ર એક સાચા મહત્ત્વની વસ્તુ છે, ત્યારે યોગસાધના કરવા માટે તેટલું બસ છે.

માણસ ભિન્નભિન્ન ચક્રો ઉપર એકાગ્રતા કરી શકે, પણ ઘણા લાંબા સમય સુધી ઘણો પ્રયત્ન કરવા છતાં, તેનું કાંઈ પરિણામ આવતું નથી. પછી કોઈક દિવસ કોઈક વસ્તુ તમને હચમચાવી મૂકે છે, તમને એમ લાગે છે કે પગ નીચેથી જમીન સરી રહી છે, ત્યારે ભગવાન સાથે એકતા કરવાના, ભગવાનની હાજરીને ચીટકી રહેવાના, ચેતનાનું રૂપાંતર સિદ્ધ કરવાના વિચારને તમે ચીટકી જાઓ છો, તમે તમારી લાગણીઓને, ગતિઓને, આવેગોને તે વિચારની આસપાસ સંગઠિત કરવાની અભીપ્સા સેવો છો, કોશિશ કરો છો. અને તે સિદ્ધ થાય છે.

કેટલાક લોકોએ અનેક પ્રકારની પદ્ધતિઓની ભલામણ કરી છે; કદાચ તે પદ્ધતિઓ તેમની બાબતમાં સફળ નીવડી હશે. પણ સાચું કહું તો, દરેક જણે પોતાની પદ્ધતિ શોધી કાઢવાની છે, અને તે પણ પોતે તે વસ્તુ કેવી રીતે કરવી તે જાણ્યા પછી તે વસ્તુ કરીને જ, ત્યાર પહેલાં નહિ.

જો કોઈ માણસ પહેલેથી તે જાણતો હોય, તો તે માણસ એક માનસિક રચના કરે છે, અને ભ્રાન્તિરૂપ તે માનસિક રચનામાં જીવવાનું મોટું જોખમ ખેડે છે; કારણ કે, જ્યારે મન અમુક સ્થિતિઓનું નિર્માણ કરે છે અને તેમને સિદ્ધ કરે છે, ત્યારે તે કેવલ માનસિક રચનાઓ હોવાનો સંભવ છે, જે રચનાઓ અનુભવ નહિ, પણ માત્ર પ્રતિકૃતિ હોય છે. એટલે આ બધી સાચી રીતે આધ્યાત્મિક અનુભૂતિઓ માટે હું એમ માનું છું કે, તેમને જાણ્યા પહેલાં તેમને પ્રાપ્ત કરવી એ વધારે ડહાપણભરેલું છે. જો માણસ તેમને જાણે, તો તે તેમનું અનુકરણ કરે, તે અનુભૂતિઓ તેને પ્રાપ્ત થતી હોતી નથી, તેમને પ્રાપ્ત કર્યાની તે માત્ર કલ્પના કરતો હોય છે, તેથી ઊલટું, માણસ વસ્તુઓ કેવી રીતે બને છે, તે કેવી છે, તેમણે કેવી રીતે બનવું જોઈએ, ક્યારે પ્રાપ્ત થવું જોઈએ, આવું કશું જ ન જાણતો હોય, તો અંદર ખૂબ શાન્ત રહેવા વડે અને પોતાના અસ્તિત્વમાં તેમનું એક પ્રકારનું આંતર પૃથક્કરણ કરવા વડે, તે ઓચિંતી કોઈ અનુભૂતિ પ્રાપ્ત કરે છે અને પાછળથી પોતાને શું પ્રાપ્ત થયું છે તેને તે જાણે છે. પછી તે પતી જાય છે, તે પ્રાપ્ત કર્યા પછી તે જાણે છે કે, તેને કેવી રીતે કરી શકાય. તે ચોક્કસ આ પ્રકારનું બનતું હોય છે.

માણસ સ્પષ્ટ રીતે પોતાની કલ્પનાનો ઉપયોગ કરી શકે, કુંડલિનીની કલ્પના કરીને તેને ઉપર ખેંચવાનો પ્રયત્ન કરે, પણ માણસ આ પ્રકારની વાર્તાઓ પણ પોતાની જાતને કરી શકે. મારી પાસે એવા ઘણા દાખલા છે કે જેમાં માણસોએ પુસ્તકોમાં વર્ણવેલા હોય છે તે જ રીતે પોતાના અનુભવો મારી સમક્ષ વર્ણવ્યા હતા, પુસ્તકોમાંના શબ્દો પણ તેઓ જાણતા હતા, સર્વે વિગતો તેમાં ઉમેરી લેતા હતા. પછી હું તેમને એક નાનકડો સવાલ પૂછતી કે, જો તમને તે અનુભવ થયો હોય, તો તમને અમુક વસ્તુનો અનુભવ થયો હોવો જોઈએ. પણ આ પુસ્તકોમાં ન હતું, એટલે તેઓ જવાબ આપી શકતા નહિ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૧૪-૨૧૫)

કુંડલિની શક્તિની જાગ્રતિની સાચી અનુભૂતિ અને મનોમય રચના

આ દૃશ્ય ખૂબ સાચું, સઘન હોય છે; શારીરિક દૃશ્યના જેટલી જ વાસ્તવિકતા અને સઘનતા સાથે તે અનુભવાય છે. પણ દરેક માણસ, તેના ખાસ વિશિષ્ટ રૂપમાં તેનું વર્ણન કરે છે, સિવાય કે તેના વિશે પુસ્તકોમાં વાંચ્યું હોય અને તેનું અધ્યયન કર્યું હોય અને તેનું મસ્તિષ્ક પુસ્તકિયા જ્ઞાનથી ઠાંસીઠાંસીને ભરેલું હોય, ત્યારે તો તેણે જે વાંચ્યું હોય છે તે સ્વયંભૂ રીતે જ તેના અનુભવને રૂપ આપે છે, જે તેમાંથી દિલની સચ્ચાઈની અને સત્યતાની છાપ પેદા કરનાર સ્વયંભૂપણાને હરી લે છે; તે એક માનસિક રચના બની જાય છે. જો તમે ખૂબ ખૂબ એમ વાંચ્યું હોય કે કુંડલિની એક ગૂંચળું વાળીને પડેલા સર્પ જેવી છે, તો જ્યારે તમે એકાગ્રતા કરીને તેને જાગ્રત કરવાનો પ્રયત્ન કરો છો, ત્યારે સ્વાભાવિક રીતે જ તમે એક ગૂંચળું વાળીને પડેલો સર્પ જુઓ છો, કારણ કે તમે કુંડલિની વિશે એ પ્રકારનો વિચાર બાંધી લીધો હોય છે, જો તમને હજાર પાંખડીઓવાળા કમળ વિશે કહેવામાં આવ્યું હોય, તો તમે હજાર પાંખડીઓવાળું કમળ જુઓ છો. પણ તે અનુભવની હકીકત પર લદાયેલો માનસિક ખ્યાલ છે. પણ તે અનુભવનું સારતત્ત્વ આ છે; એક જ વખતે અસંખ્ય અને છતાં પણ એક તત્ત્વની લાગણી, કાંઈક ઉઘડતું હોય, જાગ્રત થતું હોય, આકંપન કરવાની શરૂઆત કરતું હોય, શક્તિઓને પ્રત્યુત્તર આપતું હોય, પ્રકાશની, સમજની, ઉચ્ચતર પ્રદેશો પ્રત્યે ખુલ્લા થવાની છાપ તમારામાં ઉદ્ભવે છે. છતાં જ્યારે તમે તેમનું ચોપડીઓમાં વાંચેલી ઉપમાઓ વડે વર્ણન કરવાની શરૂઆત કરો છો, ત્યારે તમે તેમને એકદમ ઉપરછલ્લી, જડ, કૃત્રિમ, અને દિલની સચ્ચાઈ વગરની બનાવી દો છો.

***

તો પછી માતાજી, શું આનો અર્થ એવો છે કે વાંચવું નહિ તે વધારે સારું છે ?

એક શરત કે માણસમાં પોતાનામાં સાચી રીતે અભીપ્સાની ઉત્કટતા છે. જો તમે યોગ કરવા માટે જન્મ્યા હો, યોગ તમારા અસ્તિત્વ પર સૌથી વધારે પ્રભુત્વ ધરાવે છે એમ તમને લાગતું હોય કે બીજું કાંઈ જાણતા પહેલાં મારામાં જે કાંઈ છે તેને મારે શોધી કાઢવું જોઈએ, તો એક શબ્દ, તમને પ્રકાશ આપતી થોડીક વાતચીત બસ થઈ પડે છે. પણ જે લોકો હજી ખોજ કરે છે, ફાંફાં મારે છે, જેમને પૂરેપૂરી ખાતરી નથી, જેઓ આમ તેમ ધક્કેલાય છે, ખેંચાય છે, જેમને જીવનમાં બીજી ઘણી વસ્તુઓમાં રસ છે, જેઓ સ્થિર નથી, આત્મ-સાક્ષાત્કારના સંકલ્પમાં સ્થાપિત નથી, તેમને માટે વાંચવું એ બહુ સારું છે, કારણ કે તે તેમને તે વિષય સાથે સંપર્કમાં મૂકે છે, તેમનામાં તે વસ્તુ માટે રસ પેદા કરે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : પૃ. ૨૧૬-૨૧૭)

***

ચક્રો અને કેન્દ્રો

આપણા યોગની પ્રક્રિયામાં પ્રત્યેક કેન્દ્રોનો નિશ્ચિત મનોવૈજ્ઞાનિક ઉપયોગ અને પ્રત્યેકનું સામાન્ય કાર્ય છે, જે એ કેન્દ્રોની વિશિષ્ટ શક્તિઓ અને એની ક્રિયાઓનો આધાર હોય છે.

મૂલાધાર શારીરિકનું - છેક અવચેતન સુધી નિયમન કરે છે. સ્વાધિષ્ઠાન - નિમ્ન પ્રાણનું નિયમન કરે છે. નાભિકેન્દ્ર, નાભિપદ્મ કે મણિપુર નિયમન કરે છે વિશાળતર પ્રાણનું. હૃદયકેન્દ્ર, અનાહત લાગણીમય સ્વરૂપનું નિયમન કરે છે અને વિશુદ્ધ, ગળાનું કેન્દ્ર બાહ્યીકરણ કરતા, અભિવ્યક્તિ કરતા મનનું નિયમન કરે છે. બે ભ્રૂકુટિઓ વચ્ચેનું કેન્દ્ર-આજ્ઞા ચક્ર ક્રિયાશીલ મન, સંકલ્પ, દર્શન અને મનોમય ઘડતરનું નિયમન કરે છે. ઊર્ધ્વમાં રહેલું સહસ્રદલ કેન્દ્ર - સહસ્રાર-ઊર્ધ્વ વિચારશીલ મનનું નિયમન કરે છે અને ઊર્ધ્વ મનથી પર રહેલ પ્રકાશિત મનનું એ નિવાસસ્થાન હોઈ પોતાના ઉચ્ચોચ્ચ સ્તરે અંતઃપ્રેરણા પ્રતિ અભિમુખ થઈ એના દ્વારા અથવા દરમિયાનગીરી વિનાના વધુ પડતા જુવાળ વડે અધિમનસ અન્ય સર્વ સાથે તુર્ત સંપર્ક સાધી શકે છે અને સર્વ સાથે આદાન-પ્રદાન કરી શકે છે.

***

માત્ર યોગના સંદર્ભે જ આપણે ચક્રોની વાત કરી શકીએ. સામાન્ય માણસોમાં ચક્રો ખુલ્લાં થયેલાં હોતાં નથી. લોકો જ્યારે સાધના કરે ત્યારે જ માત્ર ચક્રો ખુલ્લાં થતાં હોય છે. કારણ ચક્રો એ છે આંતર ચેતનાનાં કેન્દ્રો અને તે સૂક્ષ્મ દેહની રચનાના અંગરૂપ હોય છે. સામાન્ય માણસોમાં બાહ્ય ચેતના સક્રિય હોવાથી આ કેન્દ્રો તેઓમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં સક્રિય થતાં હોય છે.

***

ચેતનાનાં કેન્દ્રો ('કેન્દ્રો' સંજ્ઞા દર્શાવે છે તે મુજબ) એ છે ચક્રો. એ ચક્રો ખુલ્લાં થવાથી યોગિક કે આંતર ચેતના વિકાસ પામે છે - એમ ન થાય તો સાધક સામાન્ય બહિર્મુખ ચેતના સાથે જ બદ્ધ રહે છે.

સાધના દરમિયાન સાધક ચૈતસિક કેન્દ્ર કે અન્ય કોઈ કેન્દ્રમાંથી પસાર થતો હોતો નથી. પ્રક્રિયા એવી છે કે સાધનાના દબાણથી કેન્દ્રો (ચક્રો) ખુલતાં હોય છે. તમે એમ કહી શકો કે કેન્દ્ર (ચક્ર)માં શક્તિ અવતરણ કરે છે કે આરોહણ કરે છે.

***

કરોડરજ્જુ એ છે ચક્રોનો આધાર. અને તાંત્રિક સાધનામાં કરોડરજ્જુ દ્વારા જ કુંડલિની ઉપર ચઢતી હોય છે.

***

નાભિ કેન્દ્રમાં રહેલી શક્તિ ચક્રાકારે ધબકારા મારતી ઉપરની દિશામાં આરોહણ કરે એને બ્રહ્મરંધ્ર પ્રતિ ગતિ કરતી કુંડલિની શક્તિ તરીકે ઓળખવામાં આવે છે — એ શક્તિ સમગ્રતયા નહિ; પરંતુ એનો અંશ ઉપરની દિશામાં સ્પંદન સહિત ગોળાકાર ગતિએ ઉપર ચઢે છે તે મૂલાધારમાંથી છૂટો પડેલો હોય છે. અને હંમેશાં એનો અનુભવ આ જ પ્રમાણે થતો હોતો નથી. અમુક સમયે સાધક અમુક પ્રકારની શક્તિ કે પ્રવાહ ઉપર ધસતો અનુભવે છે. અથવા તો ચેતનાની આરોહણની ગતિનો અનુભવ કરે છે. પરંતુ સર્વ કિસ્સાઓમાં એ હોય છે ચક્રોમાં

કેદ થયેલી યોગિક ચેતનાની મુક્તિ અને ઊર્ધ્વમાં રહેલ દિવ્ય ચેતના પરત્વે એ યોગિક ચેતનાનું આરોહણ. આ પ્રકારનું આરોહણ અને એના પરિણામસ્વરૂપ થતું ઊર્ધ્વમાંથી અવતરણ યોગિક અનુભૂતિઓને અને સિદ્ધિઓને શક્ય બનાવે છે.

***

કુંડલિની છે યોગિક શક્તિ, જે મૂલાધારમાં સુષુપ્તાવસ્થામાં હોય છે અને અન્ય ચક્રોમાં એ સામાન્ય ચેતનાથી ઢંકાયેલી હોય છે. એ જ્યારે મુક્ત થાય છે ત્યારે ચક્રોમાંથી પસાર થતી ઉપર ગતિ કરે છે ઊર્ધ્વમાં રહેલી બ્રહ્મ-ચેતના, દિવ્ય ચેતના સાથે જોડાવા માટે.

(CWSA 28 : 230)

***

મસ્તકના ઉપરના ભાગે કુંડલિની શક્તિ રહેલી નથી. મસ્તકથી ઊર્ધ્વમાં વૈશ્વિક કે દિવ્ય ચેતના અને શક્તિ રહેલાં છે. કુંડલિની છે ચક્રોમાં સુષુપ્તાવસ્થામાં રહેલી શક્તિ.

(CWSA 29 : 460-61)

***

તંત્રમાર્ગમાં વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા ચક્રોને ખુલ્લાં કરવામાં આવે છે અને કુંડલિનીને જાગ્રત કરવામાં આવે છે. કુંડલિનીનું કાર્ય અને એની ઊર્ધ્વ ગતિનો અનુભવ કરોડરજ્જુમાં થતો હોય છે. અહીં (પૂર્ણયોગમાં) ઊર્ધ્વમાંથી આવતી શક્તિના દબાણથી એ શક્તિ જાગ્રત થતી હોય છે અને ચક્રો ખુલ્લાં થતાં હોય છે. ઉપર ઊઠતી ચેતનાનું આરોહણ થતું હોય છે અને એ ચેતના ઊર્ધ્વમાં રહેલી ઉચ્ચ ચેતના સાથે જોડાઈ જાય ત્યાં સુધી એ આરોહણ ચાલુ રહેતું હોય છે. આ પ્રક્રિયા (આરોહણની) આપમેળે પુનરાવર્તિત થતી રહે છે. (ક્યારેક અવતરણ પણ અનુભવાતું હોય છે.) અને ત્યાં સુધી તે ચાલુ રહે છે, જ્યાં સુધી બધાં ચક્રો ખૂલી જઈ ચેતના દેહથી ઊર્ધ્વે આરોહણ કરી લે. પછીની અવસ્થાએ એ ચેતના ઊર્ધ્વમાં રહે છે અને વિશાળ થઈ જઈ વૈશ્વિક ચેતનામાં તેમ જ વૈશ્વિક સ્વરૂપમાં પરિણામે છે. આ છે સામાન્ય ક્રમ; પરંતુ અમુક વખતે પ્રક્રિયા વધુ ઝડપી બનતી હોય છે અને ઊર્ધ્વમાં એકાએક તથા નિશ્ચિત ખુલ્લાપણું અનુભવાય છે.

***

સહસ્રાર - સહસ્રદલ - શીર્ષાગ્ર ચક્ર

સહસ્રદલ કમળ મસ્તકથી ઊર્ધ્વમાં છે. એ છે સાતમું અને ઉચ્ચોચ્ચ ચક્ર (કેન્દ્ર).

***

સામાન્યતઃ જેઓ શરીરમાં રહેલાં ચક્રોની જ માત્ર ગણતરી કરે છે તેઓ છ ચક્રોનો જ ઉલ્લેખ કરે છે, સહસ્રાર ચક્રને (તે શરીરથી ઊર્ધ્વમાં હોવાથી) તેઓ ગણતા નથી.

***

એ તો સ્પષ્ટ છે કે સહસ્રદલ કમળમાંથી જ ઊર્ધ્વ પ્રેરણા, પ્રકાશિત મન અને અધિમનસ પોતાનાં કિરણો પસાર કરે છે.

મન અને અતિમનસ વચ્ચેનાં સર્વ સ્તરો ઉપર સહસ્રદલનો અધિકાર હોય છે — અને માટે જ સહસ્રદલ ચક્રનું ખુલ્લા થવું યોગ્ય રીતે લાંબો સમય માગી લે છે. અને એનું ખુલ્લા થવું એ (મન અને અતિમનસ વચ્ચે) સંપર્ક ઊભો કરે છે કે આદાનપ્રદાન શરૂ કરે છે — એ કેન્દ્રમાં સ્થિર નિવાસ કરવા માટે વ્યક્તિએ મનને અતિક્રમી જવાની જરૂર રહે છે અને મુખ્યત્વે માત્ર આત્મતત્ત્વમાં જ રહેતા થવાનું છે.

***

અતિમનસનું ગઠન શરીરમાં થયેલું નથી એટલે એને માટેનું અલગ કેન્દ્ર (ચક્ર) નથી; પરંતુ મનથી ઊર્ધ્વમાંથી જે કંઈ આવે છે, તે સર્વ પોતાના સ્થિયંતર માટે સહસ્રારનો ઉપયોગ કરે છે અને એટલે ત્યાં (સહસ્રારમાં) કંઈક ખુલ્લું થતું હોય છે.

***

...ચૈત્ય કેન્દ્ર એ અલગ જ વસ્તુ છે — એ કેન્દ્રો (ચક્રો)ની પૂઠળે આવેલું હોય છે અને એના ખુલ્લા થવાનો સમય વિધવિધ લોકો માટે અલગ અલગ હોય છે — વાસ્તવિકતામાં ચૈત્ય પુરુષનું અગ્રભાગે સ્થિત થવું તે કેન્દ્ર (ચક્ર)ના ખુલવા સમાન પ્રક્રિયા નથી.

***

આ યોગમાં સામાન્ય નિયમ છે : ઊર્ધ્વમાંથી નીચેની દિશામાં થતું અવતરણ. પ્રાથમિક અવસ્થામાં પ્રમાણ કે માત્રાની ભિન્નતા સંભવી શકે છે. દા.ત. પ્રારંભમાં હૃદય કેન્દ્ર આંશિક રીતે ખુલ્લું થાય. સૌ પ્રથમ ઊર્ધ્વ પ્રાણમય કેન્દ્ર સક્રિય પણ થાય; પરંતુ એમ થવાથી વધુ સંઘર્ષ અને મુશ્કેલીઓ આવી પડે.

***

ચૈત્યપુરુષનું સ્થાન હૃદય-કેન્દ્રની પાછળ આવેલું છે — બે ચક્ષુઓ વચ્ચેનું કેન્દ્ર એ છે આંતર (ગૂઢ) વિચાર, સંકલ્પ અને દર્શનાનું કેન્દ્ર. આ આંતર કે ગૂઢ દર્શનાને સામાન્ય લોકો ચૈતસિક દર્શના માની લે છે.

***

ત્રીજું નેત્ર કપાળના મધ્ય ભાગે ખૂલતું હોય છે — એ દર્શાવે છે ગૂઢ દર્શન અને એ દર્શન સાથે રહેલી શક્તિ — એનો સંબંધ આજ્ઞા ચક્ર સાથે છે. (CWSA 28 : 230-39)

***

દિવ્ય જીવનશક્તિનાં સાત કેન્દ્રો (ચક્રો)

(૧) મસ્તકથી ઊર્ધ્વમાં રહેલું સહસ્રદલ કમળ, જેનો પાયો છે મગજ. પ્રાણમય-મનમાં એ અતિમનસને આધાર આપે છે; પ્રકાશિત મનનું આરંભિક કેન્દ્ર.

(૨) બે ભ્રૂકુટિઓ વચ્ચેનું કપાળ મધ્યે આવેલું કેન્દ્ર.
સંકલ્પ, દર્શના, આંતર મનોમય રચના, સક્રિય અને ક્રિયાશીલ મનનું કેન્દ્ર.

(૩) ગળામાં આવેલું કેન્દ્ર. વાણી, બાહ્ય મન, સર્વે બાહ્ય પ્રકારની અભિવ્યક્તિ અને રચના.

(૪) હૃદય-કમળ. બાહ્ય રીતે લાગણીશીલ મન, પ્રાણમય, મનોમયઃ આંતર હૃદયમાં ચૈતસિક કેન્દ્ર.

(૫) નાભિ કેન્દ્ર. વિશાળતર પ્રાણશક્તિ, જીવન-શક્તિનું કેન્દ્ર.

(૬) નાભિ અને મૂલાધાર વચ્ચે આવેલું કેન્દ્ર. નિમ્ન પ્રાણશક્તિ; એ ઉપરનાં સર્વ કેન્દ્રોને શરીર સાથે સાંકળે છે.

(૭) છેલ્લું કેન્દ્ર, એટલે કે મૂલાધાર. પ્રાણશક્તિનો ભૌતિક પાયો; શારીરિકનો પ્રારંભ. એની નીચે સર્વ છે અવચેતન શારીરિક.

(CWSA 11 : 1343)

***

કેન્દ્રો કે ચક્રોનું કાર્ય

કેન્દ્રો કે ચક્રોની સંખ્યા ૭ છે –

(૧) મસ્તકના છેક ઉપરના ભાગે આવેલું સહસ્રદલ કમળ.

(૨) કપાળની મધ્યમાં – આજ્ઞા ચક્ર – (સંકલ્પ, દર્શાના, સક્રિય વિચાર)

(૩) ગળાનું કેન્દ્ર – મનનું બાહ્યીકરણ.

(૪) હૃદય કમળ – લાગણીનું કેન્દ્ર. ચૈત્યપુરુષ એની પૂઠળે હોય છે.

(૫) નાભિ કેન્દ્ર – ઊર્ધ્વ પ્રાણ.

(૬) નાભિની નીચે – નિમ્ન પ્રાણ.

(૭) મૂલાધાર – શારીરિક.

આ બધાં કેન્દ્રો દેહના મધ્યભાગમાં આવેલાં છે. એ કેન્દ્રો કરોડરજ્જુ સાથે જોડાયેલાં હોય છે એમ માનવામાં આવે છે; પરંતુ વાસ્તવિકતામાં આ બધાં કેન્દ્રો સૂક્ષ્મ દેહમાં રહેલાં હોય છે. અલબત્ત ચેતના જ્યારે જાગ્રત થાય છે ત્યારે આ કેન્દ્રોની ક્રિયાઓ શારીરિક દેહમાં થતી હોય એવું અનુભવાતું હોય છે. (CWSA 28 : 229)

***

શક્તિઉપાસના

મૂળ પુસ્તક (યૌગિક સાધન) વિશે અહીં કેટલીક હકીકતો રજૂ કરવી પણ જરૂરની છે. જનસમાજમાં એવો ખ્યાલ પ્રચલિત છે કે 'યૌગિક સાધન' એ લઘુ પુસ્તક શ્રી અરવિન્દે ''લખેલું'' છે, તથા ''ઉત્તરયોગી'' કરીને એક બીજી વ્યક્તિએ તેની પાછળ નોંધ લખેલી છે. શ્રી અરવિન્દનાં અંગ્રેજી પુસ્તકોની જાહેરાત આપવામાં આવે છે તેમાં પણ ''યૌગિક સાધન'' તેમણે લખેલું હોય એવી જ રીતે અપાય છે.

પરંતુ ખરી બીના તે પ્રમાણે નથી. શ્રી અરવિન્દને 'યૌગિક સાધન' અંગ્રેજીમાં જેવા રૂપમાં બહાર પડ્યું છે તેવા રૂપમાં, ૧૯૧૦ની સાલમાં– મનની નિઃસ્પંદ અવસ્થામાં રહેતા ત્યારે તેમને આપવામાં આવેલું હતું. તે વખતે પોંડીચેરીમાં કોમટી સ્ટ્રીટમાં આવેલા શંકર ચેટ્ટી નામના વૈશ્ય ગૃહસ્થના ઘરમાં તેઓ ભાડે રહેતા હતા અને દરરોજ સાંજે automatic writing – સ્વયંલિપિ – માનસિક વિચાર યા તો ક્રિયા કર્યા વિના કરવામાં આવતું લખાણ–લખતા. એ પુસ્તક ઘણુંખરું ૧૯૧૦ના એપ્રિલ કે મે માસમાં એ પ્રમાણે લખાવવામાં આવ્યું હતું. આજકાલ યુરોપમાં કેટલાક જાણીતા લેખકો અને ભૌતિકશાસ્ત્રવેત્તાઓ પણ એ પ્રયોગો કરે છે તથા પ્લેન્ચેટ નામની પ્રશ્નોના ઉત્તર મેળવવાની સામાન્ય પદ્ધતિ આપણા લોકોમાં પણ વિદિત છે. એ પુસ્તકનું એક એક પ્રકરણ રોજ સાંજે એ પ્રમાણે લખાવવામાં આવતું. એ કારણથી શ્રી અરવિન્દે એ પુસ્તક ''લખેલું'' નથી પણ ''ઉતારી લીધું'' છે એમ કહેવું યોગ્ય છે. કોણે લખાવ્યું ? વગેરે પ્રશ્નોની સમજૂતી આપવાનું આ સ્થળ નથી. અહીં એટલું કહેવું બસ છે કે એ પુસ્તક તેમનું નથી તથા અશરીરી મનોમય દેહધારી કોઈ વ્યક્તિએ લખાવ્યું છે.

છેવટની ''સંપાદકની નોંધ'' શ્રી અરવિન્દે પોતે લખેલી છે, અને ''ઉત્તરયોગી'' તે શ્રી અરવિન્દ પોતે જ.

''ઉત્તરયોગી'' એ ઉપનામ કેવી રીતે મળ્યું તે પણ જરા જાણવા જેવું હોવાથી અહીં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. ત્રિચિનાપલ્લી જીલ્લામાં નાગેઈ કરીને ગામ છે ત્યાં ''નાગેઈજપ્પા'' કરીને એક યોગી હતા. ''જપ્પા'' અર્થાત્ જપદ્વારા સિદ્ધિ મેળવનાર ''નાગેઈ ગામના યોગી'' એવો એમના નામનો અર્થ થાય. એ યોગી મદ્રાસ ઇલાકામાં અને ખાસ કરીને દક્ષિણ વિભાગમાં ''સિદ્ધ'' તરીકે પ્રખ્યાત હતા. તેઓ મદ્રાસી બ્રાહ્મણની ''અય્યર'' જ્ઞાતિના હશે એમ માનવાને કારણ છે, પરંતુ તેની ખાત્રી નથી. હાલની દિલ્હીની કાઉન્સીલ ઑફ સ્ટેટમાં જમીનદારો તરફથી ચુંટાયેલા પ્રતિનિધિ શ્રીયુત કે. વી. રંગસ્વામી આયેંગરના તે નાગેઈજપ્પા કુલગુરુ હતા. જ્યારે તે જપ્તા મહાસમાધિમાં જવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તેમને, પોતાના ભવિષ્યના કુલગુરુ કોને કરવા ? એવો પ્રશ્ન આયેંગરના કોઈક માણસ

તરફથી કરવામાં આવ્યો ત્યારે તેમણે વિચાર કરીને જણાવ્યું કે ''ઉત્તર'' દિશામાંથી કોઈ ''યોગી'' દક્ષિણમાં આવશે તેને તમે તમારા કુલગુરુ તરીકે સ્વીકારજો. વળી, તે યોગીને કેવી રીતે ઓળખવો એવો પ્રશ્ન થતાં એમણે ત્રણ નિશાનીઓ પણ આપી હતી.

ત્યારપછી, જ્યારે શ્રી અરવિન્દ પોંડીચેરીમાં આવ્યા, ત્યારે તેઓ જ તે ''ઉત્તરયોગી'' છે એવું આયેંગરને લાગ્યું એટલે ''ઉત્તરયોગી''નું ઉપનામ તેમણે આપ્યું.

***

છેવટે, આ લખાણમાં દર્શાવેલા યોગમાર્ગનો આદર્શ વ્યક્તિની શક્તિનું આધિપત્ય સ્થાપન કરવું એવો નથી, પરંતુ વ્યક્તિની શક્તિને અનંત પુરુષોત્તમના હાથમાં કેવળ નિરપેક્ષપણે, સર્વભાવે નિઃશેષપણે તથા સંપૂર્ણ સ્વેચ્છાથી આત્મસમર્પણ કરી દેવું એ છે. આધારને કેળવવાનું કહેવામાં આવ્યું છે તેનો પ્રથમ હેતુ એ છે કે અશુદ્ધ મનુષ્યની તુમુલ બૂમરાણ કરી રહેલી ઇચ્છાઓ, વાસનાઓ તથા આવેશો તથા મોરચો નાખી પડેલા અહંકાર અને અભિમાન, આત્મસંતોષ, મિથ્યાભિમાની બુદ્ધિ અને કલ્પના વગેરે તેના આત્મસમર્પણની આડે આવે નહિ. વળી ઈશ્વરને યજ્ઞ રૂપે અર્પણ કરવા માટે નિર્બળ, અવ્યવસ્થિત અજ્ઞાની અને અશ્રદ્ધાવાન નહિ; પરંતુ બલવાન, તેજસ્વી અને અસરકારક શક્તિ પ્રાપ્ત કરવી એ બીજો હેતુ છે. સિદ્ધયોગીનું કર્મ, સૂર્ય અને તારાઓની પેઠે શાંત અને તેજસ્વી; બરફના ડુંગર અને ઝંઝાવાતની પેઠે બળવાન, પ્રચંડ અને ઉગ્ર; પવનની લહેર, ચંદ્ર અથવા તો પુષ્પના જેવું મૃદુ, મધુર અને ઉપયોગી; અથવા તો અગ્નિ તથા પૃથ્વી ઉપર પડેલી ધૂળની પેઠે ઉચ્ચ અથવા તો નમ્ર — જે પ્રમાણે તે પરાત્પર દિવ્ય શક્તિથી જ સંચાલિત કરે તેને અનુસરીને થવું જોઈએ. કેવળ તે દિવ્ય શક્તિથી જ સંચાલિત થઈને વર્તન કરતાં તે કર્મોનું બાહ્ય સ્વરૂપ ગમે તેવું હોય તો પણ તે કર્મો નિરપેક્ષ શાંતિ, આત્મસમર્પણ અને આત્મજ્ઞાનના પાયા ઉપર જ થઈ રહેલાં હોય છે. (યૌગિક સાધન : પૃ. ૧-૨ અને ૬૭-૬૮)

***

શક્તિઉપાસનાની શરતો

સિદ્ધિનો ઉપયોગ કરવામાં જ્યાં સુધી ચિત્તની અશુદ્ધિ, વિચાર અને સ્વભાવમાં અહંકાર તથા કામનાનું વર્ચસ્વ હશે ત્યાં સુધી શક્તિની કોઈ પણ સિદ્ધિ પૂર્ણતયા તેમ જ મુક્તપણે કાર્ય કરી શકશે નહિ. આવી પરિસ્થિતિઓ હેઠળ સિદ્ધિઓનો પ્રસંગોપાત્ત ઉપયોગ થઈ શકે અને શક્તિની અસરકારકતા અનિયમિત હોઈ શકે; ટૂંકમાં એ એવી વસ્તુ બની રહે જે ઉપયોગ કરવા લાયક ન રહે અને એની ઉપયોગિતા મન પોતાના સંસ્કારો અને ટેવગત પ્રક્રિયાઓનો ત્યાગ કરી દે એ માટે મનને તાલીમ આપવા પૂરતી સીમિત રહે. હા, એ મનને વિજ્ઞાનમયી શક્તિની ક્રિયાનો સ્વીકાર કરવા માટે તૈયાર કરી શકે. (CWSA 10 : 21-22)

***

જ્ઞાનની શરતો :

એ પણ નોંધી લેવું જોઈએ કે સંપૂર્ણ જ્ઞાન અને ત્રિકાલ દૃષ્ટિ ત્યારે જ શક્ય બને જ્યારે અંતઃકરણ પૂરેપૂરું વિશુદ્ધ થયું હોય, ખાસ કરીને કામનાઓની બાદબાકી થઈ ગઈ હોય અને બુદ્ધિ વિશુદ્ધ થઈ ગઈ હોય, મન સંપૂર્ણતયા નિષ્ક્રિય થયું હોય અને છેવટે વિજ્ઞાનની શક્તિઓના પૂર્ણતા પામેલાં કાર્યો સંભવ બન્યાં હોય. આ ઊર્ધ્વ શક્તિઓનું અપૂર્ણ અને અનિયમિત કાર્ય હંમેશાં શક્ય છે અને જે લોકો યોગી કે સાધકો નથી તેઓ એને અસ્પષ્ટરૂપે ધારણ કરતાં હોય છે.

***

તંત્રમાર્ગમાં સાધનાની સાચી પદ્ધતિ

યોગસાધના શરૂ કરવાનો ખરો માર્ગ સામાન્ય રીતે ઘણા ખરા સાધકો જે માર્ગે શરૂઆત કરે છે તથા તમે પણ જે માર્ગે કરી છે, તેનાથી તદ્દન ઉલટો જ છે. સામાન્ય રીતે સાધકો શરીર તથા પ્રાણથી શરૂઆત કરીને, ચિત્ત અને મન સુધી પહોંચે છે, તથા છેવટે બુદ્ધિ અને ચિત્‌શક્તિને પ્રાપ્ત કરી પૂર્ણાહુતિ કરે છે. ખરો માર્ગ ચિત્‌શક્તિથી શરૂઆત કરીને છેવટે શરીરમાં તેની પૂર્ણાહુતિ કરવાનો છે. જો ચિત્‌શક્તિથી શરૂઆત કરવામાં આવે તો પછી આસન, પ્રાણાયામ, કુંભક, ચિત્તશુદ્ધિ વગેરે પ્રાથમિક કે પ્રાવેશિક તૈયારી કરવાની કશી જરૂર નથી. યોગસાધનાના વિષયમાં આ સત્ય જગતને બતાવી આપવા માટે **શ્રી રામકૃષ્ણ** આવ્યા હતા. તેઓ કહેતા, ''પ્રથમ શક્તિની ઉપાસના કરો ! શક્તિનો સાક્ષાત્કાર કરો ! તે તમને સત્‌ આપશે.'' યોગીને માટે ચિત્‌શક્તિ અને શક્તિ એ સૌથી પ્રથમ જરૂરનાં સાધનો છે. એટલા માટે જ **શ્રી રામકૃષ્ણ** હમેશાં કહેતા, ''યાદ રાખો, તમે પોતે જ બ્રહ્મસ્વરૂપ છો.'' અને સ્વામી વિવેકાનંદને તેમણે પોતાના મુખ્ય સંદેશા તરીકે એ ઉપદેશ આપ્યો હતો. તમે પોતે જ ઈશ્વર છો. તમે ધારો તો શુદ્ધ, સિદ્ધ અને બીજું જે કાંઈ થવા માગો તે થઈ શકો યા તો તમે તેનાથી તદ્દન વિપરીત પણ થઈ શકો. સૌથી પ્રથમ જરૂરિયાત તમારી જાતમાં, બીજી ઈશ્વરમાં અને ત્રીજી કાલીમાં શ્રદ્ધા લાવવાની છે. આખા વિશ્વનો આ ત્રણમાં સમાવેશ થઈ જાય છે. પ્રથમ શક્તિને કેળવો, શક્તિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરો; જ્ઞાન દ્વારા ચિત્તને શુદ્ધ કરો, પ્રાણને સંયમમાં લાવો અને મનને શાંત-નિઃસ્પંદ કરો. આ સર્વ કરણો દ્વારા શરીરને અમર બનાવો. ખરો યોગ આ રીતે થાય છે-આ મહાપંથ છે. આ સાચો તન્ત્રમાર્ગ છે - આજ તંત્રમાર્ગ છે ! વેદાન્ત બુદ્ધિથી, અને તંત્ર શક્તિથી શરૂઆત કરે છે. (યૌગિક સાધન : પૃ. ૧-૨)

***

શક્તિ તમારી અંદર છે

ત્યારે હવે પ્રશ્ન એ થશે કે યોગની શરૂઆત કેવી રીતે કરવી ? તમારા પોતાનામાં શક્તિ રહેલી છે. તેને જ કાર્ય કરવા દો અને તમે પોતે યથાર્થ વલણ ધારણ કરી તેને સહાય કરો. તમે પોતે સાક્ષી છો; અનુમન્તા, ભોક્તા, તથા ભર્તા છો. અનુમન્તા તરીકે શક્તિને આજ્ઞા કરો, સાક્ષી તરીકે તે પરિણામ નીપજાવે છે તે (તટસ્થ રહીને) નિહાળો; ભોક્તા તરીકે તે પરિણામ

યાને ફળનો ઉપભોગ કરો અને ભર્તા તરીકે આધારને ટકાવી શક્તિને મદદ કરો. તામસિક ઉદાસીનતા યા તો રાજસિક જુલમ કરી આધારને નષ્ટ કરો નહિ. ખાત્રી રાખો, તમારી શક્તિ કાર્ય કરવામાં કદી પણ નિષ્ફળ નહિ નીવડે. તમે જ્ઞાતાસ્વરૂપ છો. જે જ્ઞાન તમારી આગળ આવે તે સર્વ જ્ઞાનનો સ્વીકાર કરો. તમને જે વલણ ધારણ કરવાનું મેં કહ્યું છે તે સ્થાપન કરી સાધનાના અથવા તો જીવનના પ્રત્યેક કાર્યને તે લાગુ કરો. તમારે તે સિવાય બીજું કશું જ કરવાનું નથી. બાકીનું બધું કાલી પોતે કરી લેશે. વ્યગ્ર થાઓ નહિ, ઉત્સુક બનો નહિ, ઉતાવળા થાઓ નહિ; અનંત શાશ્વતી – અનંતકાળ તમારી આગળ આવી રહેલો છે ! તો પછી શા માટે ઉતાવળા થાઓ છો ? માત્ર તામસિક થાઓ નહિ, અથવા તો તમારો સમય આળસમાં ગુમાવી દો નહિ. (યૌગિક સાધન : પૃ. ૪)

***

સ્થૂળ અને સૂક્ષ્મ દેહનું સાદૃશ્ય

આજે હું તમને શક્તિ યાને ચિત્‌શક્તિ (will) વિશે થોડુંક કહીશ, કારણ કે આ યોગનો પાયો શક્તિ છે. મસ્તકની ટોચથી – બ્રહ્મરંધ્રની જરાક ઊંચે – સહસ્રદલમાં શક્તિ આવી રહેલી છે અને તે સ્થાનમાં રહીને પોતાનું કાર્ય કરે છે. તેનાથી નીચે, અને મગજના સૌથી ઉપરના ભાગમાં [૧]પરાબુદ્ધિ અને તેનાથી નીચે, મગજના મધ્ય ભાગમાં [૨]અપરા બુદ્ધિ યાને વિચારબુદ્ધિ આવી રહેલી છે. એનાથી પણ નીચે અર્થાત્ મગજના છેક નીચલા ભાગમાં મન સાથે વ્યવહાર કરવાની સૂક્ષ્મ ઇંદ્રિય આવી રહેલી છે. એ ઇંદ્રિયને આપણે [૩]વ્યવહારૂ બુદ્ધિ યા તો ''ગ્રાહકબુદ્ધિ'' એ નામ આપીશું. જ્ઞાન, વિચારશક્તિ અને ગ્રાહકશક્તિ યાને વ્યવહારુબુદ્ધિ, એ ત્રણ મગજના વિભાગો છે. અલબત્ત, આ કાર્યો સૂક્ષ્મ દેહમાં થાય છે, પરંતુ સ્થૂલ મગજના જુદા જુદા ભાગો જોડે તેમને અનુક્રમે સંબંધ હોય છે.

વક્ષઃસ્થળમાં—છાતીના ભાગમાં—હૃદયથી જરાક ઊંચે, જ્ઞાનેન્દ્રિય સાથે મન આવી રહેલું છે. તે પાંચ ઇંદ્રિયોનો અધિષ્ઠાતા હોઈ સર્વ બાહ્ય સ્પર્શોનું કરણ છે. મનથી નીચે, અને હૃદય તથા નાભિ એ બેની વચ્ચે ચિત્તનું સ્થાન છે. ત્યાંથી શરૂ કરીને નાભિ સુધી તથા નાભિથી પણ નીચે સૂક્ષ્મ પ્રાણ આવી રહેલો છે. આ સર્વે કરણો સૂક્ષ્મ દેહમાં છે પરંતુ ઉપર જણાવ્યાં તે કેન્દ્રો દ્વારા તેઓ સ્થૂલ દેહ જોડે જોડાયલાં છે. સ્થૂલ દેહમાં પણ બે પ્રકારની ક્રિયાઓ થાય છે. પ્રથમ તો સ્થૂલ પ્રાણ યાને નાડીયંત્ર દ્વારા થતી ક્રિયાઓ અને બીજી અન્નમય શરીર યાને સ્થૂલ પાર્થિવ તત્ત્વની. (યૌગિક સાધન : પૃ. ૫-૬)

***

---

૧ પરાબુદ્ધિમાં જ્ઞાન હાજર હોય છે.

૨ અપરાબુદ્ધિમાં વિચારશક્તિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનો યત્ન કરવામાં આવે છે.

૩ ગ્રાહકશક્તિ યાને વ્યવહારુબુદ્ધિ મન ઉપર આધાર રાખે છે, તથા મનને પરા અને અપરા બુદ્ધિના નિર્ણયો જણાવે છે.

શક્તિ (સંકલ્પની) શરીર પર જીવંત પ્રભુત્વ ધરાવે છે

હવે શક્તિ એ શરીરના ઈશ્વરનું કરણ છે. એ શક્તિ ઉપર જણાવેલાં સર્વે કરણો દ્વારા કાર્ય કરે છે. તે શક્તિ બુદ્ધિ દ્વારા વિચાર અને જ્ઞાન પ્રાપ્ત કરવાની ક્રિયા કરે છે, મન દ્વારા [4]બાહ્યસ્પર્શને સ્વીકારે છે, ચિત્ત દ્વારા ભાવ યાને લાગણીઓ અનુભવે છે, અને પ્રાણ દ્વારા ભોગ કરે છે. જ્યારે શક્તિ સંપૂર્ણપણે-અર્થાત્ પ્રત્યેક કરણમાં તે કરણના અધિકાર પ્રમાણે કાર્ય કરે છે, ત્યારે તેનું કાર્ય પણ સિદ્ધ અને અમોઘ નીવડે છે. તેના કાર્યમાં નિર્બળતા, દોષ અને નિષ્ફળતા મળવાનાં બે કારણો છે. પ્રથમ તો, કરણોનો સંકર થાય છે તે એક કારણ છે. તેનાં ઉદાહરણો જોઈએ. બાહ્ય સ્પર્શમાં અથવા તો ભાવમાં યાને લાગણીઓમાં અથવા તો વિચારોમાં જો પ્રાણને કાર્ય કરવા દેવામાં આવે તો તે માણસ અનીશ અર્થાત્ તેના પ્રાણના આવેશોનો ગુલામ થઈ રહે છે. એટલે કે તે કામનાઓને વશ થઈ જાય છે. હવે, જો ચિત્ત બાહ્ય સ્પર્શ અને વિચારોમાં માથું મારે તો સર્વે બાહ્યસ્પર્શો અને વિચારો, લાગણીઓ, અને તે લાગણીઓ દ્વારા ઉત્પન્ન થતી ઇચ્છાઓને લીધે વિકૃત થઈ જવાના. ઉદાહરણ તરીકે, પ્રેમની લાગણી લઈએ. જો પ્રેમ બુદ્ધિના કાર્યમાં આડે આવે તો પરિણામે જે વ્યક્તિને માણસ ચાહતો હોય છે તેને વિશે તે અંધ બની જાય છે અને સત્યને જાણી શકતો નથી; તે વ્યક્તિના સંબંધમાં સત્ય અને અસત્ય, કર્તવ્ય અને અકર્તવ્યનું ભાન તે ગુમાવી દે છે. અર્થાત્ વધતા ઓછા પ્રમાણમાં તે માણસ પોતાની લાગણીઓના ઊભરાઓનો-પ્રેમ, ક્રોધ, દ્વેષ, દયા, વેર વગેરેનો-ગુલામ થઈ રહે છે. વળી, જો મન બુદ્ધિના કામમાં આડે આવે તો તે માણસ પોતાની ઇંદ્રિયોના સ્પર્શોને સત્ય વિચાર અને ખરી દલીલો તરીકે સ્વીકારવાની ભૂલ કરે છે. પોતે જે કાંઈ જુએ છે યા તો સાંભળે છે તેને અનુસરીને તે માણસ નિર્ણય કરે છે. વળી વિચાર બુદ્ધિ, કલ્પના, સ્મરણશક્તિ, તર્ક વિગેરે કરણો જો જ્ઞાન-પરાબુદ્ધિની ક્રિયાની આડે આવે, તો તે માણસ ઉચ્ચ જ્ઞાનથી વંચિત રહીને, શક્યતાઓ અને સંભાવનાની અપાર ભૂલભૂલામણીના ચક્કરમાં ગોળ ગોળ ફર્યા જ કરે છે ! છેવટે, જો બુદ્ધિ-પરાબુદ્ધિ-પણ શક્તિના કાર્યમાં માથું મારે તો માણસ સર્વશક્તિમાનપણું પ્રાપ્ત કરવા પ્રત્યે ગતિ કરવાને બદલે પોતાના પરિમિત જ્ઞાનની શક્તિથી પોતે પરિમિત થઈ રહે છે. ટુંકામાં, કોઈ યંત્રને યા તો કરણને જે કામ માટે તે લાયક નથી, જે કાર્ય કરવા માટે તેને બનાવવામાં આવ્યું નથી યા તો મૂળથી જે કાર્યને માટે તેને યોજવામાં આવ્યું નથી, તે કાર્ય કરવા માટે વાપરવામાં આવે તો બેમાંથી એક પરિણામ આવે છે. કાં તો યંત્ર અથવા તો કરણ તે કાર્ય કરી શકતું નથી, અથવા જો કરે છે તો ખરાબ રીતે કરે છે. અર્થાત્ ધર્મસંકર થાય છે. ઉપર મેં જે અવસ્થાનું વર્ણન કર્યું તે, સામાન્ય મનુષ્યની જ્ઞાનપ્રાપ્તિ થયા પહેલાંની અવસ્થા છે, એમાં ધર્મસંકર પ્રવર્તતો હોય છે; તેમાં કરણોની ક્રિયાનો સંકર હોઈ અવ્યવસ્થા, નાલાયકી અને અજ્ઞાનતાથી ભરેલો રાજ્યકારભાર ચાલી રહેલો હોય છે ! રાજાનો ખરો મંત્રી શક્તિ હોવા છતાં તે પોતાના હાથ

૪ બાહ્યસ્પર્શ-ઇન્દ્રિયો દ્વારા બાહ્ય જગતનો સ્પર્શ થાય છે. તે ટુંકામાં, પાંચ જ્ઞાનેન્દ્રિયની ક્રિયા બાહ્ય સ્પર્શમાં આવી જાય છે.

નીચેના અધિકારીઓના હાથમાં રમકડું થઈ રહ્યો છે. તેના અધિકારીઓમાંથી દરેક પોતપોતાનો સ્વાર્થી હેતુ સાધવા માટે નોકરી કરે છે, તથા એક બીજાના કામમાં માથું મારીને એક બીજાના કાર્યમાં વિઘ્ન નાખે છે; અથવા તો પોતપોતાનો સ્વાર્થ સાધવા માટે એક બીજાને છેતરે છે અને પોતાના પ્રભુને નુકશાન કરી રહ્યો છે. ઈશ્વર પોતે ઈશ્વરપણુ ગુમાવી બેસે છે – અનીશ થઈ રહે છે, અને પોતાના નોકરોના હાથમાં તે રમકડા જેવો થઈ રહે છે.

પરંતુ તે પોતે ઈશ્વર છતાં એમ શા માટે થવા દે છે ? એવો પ્રશ્ન થશે. એ પ્રમાણે થવા દેવાનું કારણ અજ્ઞાન છે. તેના પોતાના મંત્રીઓ અને અધિકારીઓ તથા તેમના અનેક ખુશામતીયાઓ શું કરી રહ્યા છે તેનું તેને જ્ઞાન હોતું નથી, તેનો તેને સાક્ષાત્કાર થયેલો નથી. એ અજ્ઞાન એટલે શું ? તેઓ પોતાનો ઈશ્વર તરીકે મૂળ સ્વભાવ, મોભો અને અધિકાર યાને સત્તા જાણવાની અશક્તિ એનું જ નામ અજ્ઞાન. પોતાના સમગ્ર વિશાળ રાજ્યના ફક્ત એક નાના સરખા વિભાગમાં-શરીરમાં-તે આસક્ત થઈ ગયો અને તેણે એમ માની લીધું કે ''આજ મારું આખું રાજ્ય છે.'' પરિણામે, તે શારીરિક ઇંદ્રિયોનું કરણ માત્ર થઈ રહ્યો ! જેવી રીતે શરીર જોડે એકતા કરી તેવી જ રીતે પ્રાણમય, બાહ્યસ્પર્શમય, ભાવમય અને માનસિક જીવનમાંથી પ્રત્યેક જોડે પણ તેણે એકતા સ્વીકારી. તે પોતે એ સર્વે કરણોથી જુદો છે અને ઘણો જ મહાન અને શક્તિમાન છે એ બીના તે તદ્દન ભૂલી જાય છે. હવે તેણે પોતાની સત્તાની લગામ પાછી પોતાના હાથમાં લેવી જોઈએ. અને ''હું પોતે જ ઈશ્વર છું, રાજા છું, પ્રભુ છું, ખુદ પુરુષોત્તમ પણ પોતે જ છું'' એ તેણે યાદ રાખવું જોઈએ અને સ્મૃતિની સાથે સાથે તેણે યાદ રાખવું જોઈએ કે, ''હું પોતે તો સર્વશક્તિમાન છું.'' શક્તિ તેનો બળવાન મંત્રી છે.

***

શક્તિ (સંકલ્પ)ની તપસ્યા

તેણે શક્તિને ટેકો આપીને દોરવી જોઈએ. શક્તિ પોતે આખો રાજ્યકારભાર વ્યવસ્થિત કરશે, તથા રાજ્યના દરેક અધિકારીને તેનું પોતાનું કાર્ય આજ્ઞાંકિતપણે તથા સંપૂર્ણતાથી બજાવવાની ફરજ પાડશે. અલબત્ત, એ પ્રમાણે એકાએક નહિ બની શકે. તેમ થતાં સમય તો લાગશે જ. અધિકારીઓને અવ્યવસ્થિત કાર્ય કરવાનો અને અંધાધૂંધીનો એવો તો મહાવરો પડી ગયો છે કે, સૌથી પ્રથમ તો તેઓ વ્યવસ્થિતપણે કાર્ય કરવાને જરા પણ રાજી નહિ હોય; અને બીજું એ કે ધારો કે તેઓ કદાચ રાજી હોય તો પણ તેમને એ કામ મુશ્કેલ લાગવાનું. નિયમિત કાર્યની શરૂઆત કેવી રીતે કરવી તેની પણ તેમને ભાગ્યે ખબર હોય છે ! ઉદાહરણ તરીકે, તમે જ્યારે શક્તિનો ઉપયોગ કરવાને યત્ન કરશો ત્યારે શું થશે તે જાણો છો ? પ્રથમ તો તમે પ્રાણ દ્વારા શક્તિનો ઉપયોગ કરશો. અર્થાત્ કામના, ઇચ્છા યા તો આશા દ્વારા તેનો ઉપયોગ કરશો. અથવા તો લાગણી, ઉત્સુકતા અને ધારણા રૂપે ચિત્ત દ્વારા તેનો ઉપયોગ કરશો. વળી, ચિત્ત દ્વારા નહિ તો મન દ્વારા વિધવિધ ચેષ્ટા, સંઘટ્ટ, પ્રયત્ન વગેરે રૂપે જાણે કે તે કરણના ઉપર સંયમ મેળવવા માટે તમે તેની જોડે શારીરિક કુસ્તી ના કરતા હો તેવી રીતે તમે તે શક્તિનો ઉપયોગ

કરશો. અથવા તો તમે તે શક્તિનો બુદ્ધિ દ્વારા ઉપયોગ કરશો અને તમારા વિષયને, ''આ પ્રમાણે થવું જોઈએ !'' ''તે પ્રમાણે થાઓ'' – એવા વિચાર દ્વારા તમે વશ કરવાને મથશો. હવે, શક્તિની સત્તા પુનઃ પ્રાપ્ત કરવા માટે યોગીઓ આ સર્વે પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. હઠયોગીઓ પ્રાણ તથા શરીરનો, રાજયોગીઓ ચિત્ત, મન તથા બુદ્ધિનો ઉપયોગ કરે છે; પરંતુ એમાંની એકે પદ્ધતિ ખરી પદ્ધતિ નથી. એ સર્વ પદ્ધતિઓમાંની સૌથી ઉત્તમોત્તમ પણ મધ્યમ વર્ગનું જ સાધન ગણાય; અને તેમાં ભારે પરિશ્રમ, નિષ્ફળતા, અને વારંવાર નિરાશા પ્રાપ્ત થવાની જ. જ્યારે ઉપર ગણાવેલાં સર્વ કરણોથી સ્વતંત્રપણે શક્તિ કાર્ય કરે છે ત્યારે જ તે સંપૂર્ણપણે સર્વાંગપણે સર્વાંગપૂર્ણ અર્થાત્ ''સિદ્ધ'' કાર્ય કરી શકે છે. સહસ્ત્રદલમાંથી સીધેસીધી, પ્રયત્ન વિના, ઉત્સુકતા કે ભાવના છાંટા સિવાય, કામનારહિતપણે જ્યારે શક્તિ પોતાના વિષય ઉપર કાર્ય કરે છે ત્યારે તેનું કાર્ય સર્વાંગપૂર્ણ થાય છે. ''પ્રત્યેક કરણે પોતપોતાનું કાર્ય બજાવવું જોઈએ'' એ નિયમ છે; અને શક્તિ એ તેનું પોતાનું કાર્ય છે. શક્તિ હંમેશાં ભગવાનને આધીન હોય છે, પરંતુ જ્યારે તે કાર્ય કરે છે ત્યારે પોતાના જ દ્વારા અને પોતે જ કાર્ય કરે છે. બીજાં સર્વે કરણોનો તે ઉપયોગ કરે છે ખરી, પરંતુ તે કરણો દ્વારા શક્તિનો પોતાનો ઉપયોગ થવા દેવો જોઈએ નહિ.

(યૌગિક સાધન : પૃ. ૬થી ૯ અને ૯થી ૧૧)

***

પરંતુ શક્તિ સર્વશક્તિમાન છે. અને જો તમે તેને ધીરજથી, શાંતિથી અને વીરતાથી વાપરો તો અંતે વિજય પામવાની જ. કારણ કે શક્તિ એ સાક્ષાત્ કાલી પોતે છે, એ વળી હું તમને ફરીથી યાદ દેવડાવું છું એટલે પોતાના કાર્યને અંતે આખરે શક્તિ નવા નિયમો, નવી ટેવો અને નવી વૃત્તિઓ આધારમાં સ્થાપન કરે છે, અને તેઓ જૂની વસ્તુઓ સાથે બાથ ભીડે છે અને ધીમે ધીમે તેમને હરાવે છે. એ પ્રમાણે થાય છે ત્યાર પછી જૂની વૃત્તિઓ હારી ગયેલી, નિર્બળ થયેલી હોઈ, આધારની પ્રકૃતિનું અંગ મટી ગયેલી હોવા છતાં પણ, આધારમાંથી તેમને હાંકી કાઢવા જતાં, તેઓ સામે થાય છે. તમારી આ આજુબાજુ આવી રહેલાં સૂક્ષ્મ અશરીરી ભૂતો યાને અશરીરી અસ્તિત્વધારી સંતો જેઓ તમારા આંતર અનુભવો અને ઉપભોગોના ઉપર ગુજારો કરતાં હોય છે તેમનું આખું લશ્કર એ વૃત્તિઓને તમારી સામે થવામાં મદદ આપે છે. આ વિરોધના સમયને યોગની દ્વિતીય ભૂમિકા ગણી શકાય. જો શક્તિ સિદ્ધ અને આધાર શુદ્ધ થયેલો હોતો નથી તો આ ભૂમિકા સાધકને માટે ઘણી જ કપરી અને મુશ્કેલીથી ભરેલી નીવડે છે. કારણ કે એ વૃત્તિઓમાં વિરોધ કરવાની શક્તિનો યાને સાધકની સામે થવાની શક્તિનો અંત ક્યાંયે નજરે આવતો નથી.

આ અવસ્થામાં પણ જો શ્રદ્ધા અને જ્ઞાનયુક્ત શક્તિનો આશ્રય લેવામાં આવે તો અંતે તેનો વિજય અનિવાર્ય છે. એ પ્રમાણે થયા છતાં પણ જૂની, બહાર હાંકી કાઢવામાં આવેલી ટેવો અને વૃત્તિઓ, આધારમાં દાખલ થઈ પોતાનાં ગુમાવેલાં સત્તાનાં અને ભોગવિલાસનાં સ્થાનો પાછાં ફરીથી સર કરવાને સતત પ્રયત્ન કરે છે. આને પુનરાવૃત્તિ કહેવામાં આવે છે. જેટલા

પ્રમાણમાં શક્તિ સિદ્ધ અને આધાર શુદ્ધ થયલો હોય છે તેટલા પ્રમાણમાં આ પુનરાવૃત્તિ વધારે નિર્બળ સંખ્યામાં ઓછી વાર યા તો જ્યારે થાય છે ત્યારે અલ્પજીવી નીવડે છે. પરંતુ, આધાર અશુદ્ધ હોય અને શક્તિ અસિદ્ધ હોય તો પુનરાવૃત્તિની ભૂમિકા પણ વિરોધના જેવી જ લંબાય છે અને એના જેટલી જ મુશ્કેલી ભરેલી લાગે છે.

યોગવિકાસમાં અનુકૂળ ત્રણ નિયમો નીચે પ્રમાણે છે. કોઈપણ નવી ટેવ યાને અભ્યાસ, અથવા તો નવી વૃત્તિ, એકવાર સ્થાપન થઈ એટલે તે ક્રમે ક્રમે બળવાન થઈને પૂર્ણતાને પામવાની. જે સમયમાં તે સ્થાપન થઈ નથી પરંતુ સ્થાપન થવાને મથી રહી હોય છે તે સમયમાં યોગી ભ્રષ્ટ થાય એ સંભવિત છે. ''ભ્રષ્ટ થાય'' એટલે કે દોષ, નિર્બળતા યા તો અધીરાઈને પરિણામે પોતે શરૂ કરેલા યુદ્ધનો તે ત્યાગ કરે. એ પ્રમાણે પોતે આરંભેલા પ્રયત્નનો સદંતર ત્યાગ કરી દેવો એમાં જ યોગીનું પતન છે. જ્યાં સુધી યોગી પોતે સ્વીકારેલા યુદ્ધનો ત્યાગ કરવાની—પોતાના પ્રયત્નમાંથી વિરકત થઈ જવાની–ના પાડે છે ત્યાં સુધી યોગના અભ્યાસમાં મળતી નિષ્ફળતા અથવા તો તાત્કાલિક પરાજય એ કાંઈ ભ્રંશ ન કહેવાય. એકવાર ખરી વૃત્તિ સ્થાપન થઈ એટલે પછી તે સર્વોપરિ થઈ ભોગ ભોગવે નહિ ત્યાં સુધી કોઈપણ માણસ તેનો નાશ કરી શકે જ નહિ.

(યૌગિક સાધન : પૃ. ૨૦થી ૨૨)

***

માનવમાં પ્રભુની શક્તિ

એ પ્રમાણે હોવા છતાં પણ શરૂઆતમાં શક્તિ નિર્બળ હોઈ ટેવાયેલી યા તો દૃઢ થયેલી હોતી નથી, ત્યારે પ્રગતિ ધીમી થાય છે. જેટલા પ્રમાણમાં શક્તિની સિદ્ધિ યાને પૂર્ણતા આધારમાં સિદ્ધિ સ્થાપન કરે છે તેટલા પ્રમાણમાં પ્રગતિનો વેગ વધે છે. જગતમાં જે કાંઈ બને છે તે નિયતક્રમ યા તો કાર્યસરણીથી બને છે. ક્રિયાસંકલના એટલે અમુક ચોક્કસ, નિર્દિષ્ટ યા તો જાણીતી ભૂમિકાઓ દ્વારા નિશ્ચિત યાને વિશિષ્ટ પરિણામ લાવનાર ક્રિયાઓની પરંપરા. એ ભૂમિકાઓ ધીમેથી યા તો ત્વરાથી પસાર કરવામાં આવે છે પરંતુ જ્યાં સુધી સાધક ક્રમવિકાસની ભૂમિકામાં હોય છે ત્યાં સુધી, પ્રત્યેક તેણે અનુક્રમે અને જ્ઞાનપૂર્વક પસાર કરવી પડે છે. તમે મુસાફરી કરો છો અને તમારે અમુક માઈલના પથ્થરો વટાવવાના છે. તમે પગે ચાલીને, ગાડીમાં કે આગગાડીમાં બેસીને તે અંતર વટાવો; પરંતુ તે અંતર વટાવ્યે તમારો છૂટકો છે. યોગનો વિકાસ એ પ્રમાણે થતો હોવા છતાં પણ શક્તિ બળવાન થયા પછી તમે ક્રમાગત ક્રિયાને ત્વરિત ક્રિયામાં ફેરવી નાખી શકો.

ત્યાર પછી એવો સમય આવે છે કે કાલી પોતે સામાન્ય માનુષી મર્યાદાઓનો ત્યાગ કરે છે અને મનુષ્યની શક્તિ તરીકે કાર્ય કરતી નથી પરંતુ મનુષ્યની અંદર કાર્ય કરી રહેલી ભગવાનની શક્તિરૂપ થાય છે. એ પ્રમાણે થાય છે ત્યારે ક્રમાગત યાને ક્રમાનુક્રમ ક્રિયાને બદલે ત્વરિત યાને એકત્રિત ક્રિયા શરૂ થાય છે. જાણે મુસાફરીમાં પહેલા માઈલનો પથરો વટાવી બીજે માઈલે જવાને બદલે, પહેલેથી ત્રીજે, અને તેનાથી આગળ જાઓ એ પ્રમાણે મુસાફરીના છેડા

સુધી ચાલે છે. અર્થાત્ ક્રિયા તો એની એ હોય છે પરંતુ કેટલીક ભૂમિકાઓ છોડી દેવામાં આવી છે એમ લાગે છે. ખરૂં જોતાં એ ભૂમિકાઓ એવી તો હલકેથી તથા એટલા અલ્પ સમયમાં પસાર કરવામાં આવે છે કે સાધકની દૃષ્ટિએ ચઢતી નથી. એટલા માટે આ ક્રિયાને ત્વરિત યાને એકત્રિત ક્રિયા કહેવામાં આવે છે. (યૌગિક સાધન : પૃ. ૨૨થી ૨૩)

***

ઉપસંહાર

મારે જે કહેવાનું હતું તે હું કહી રહ્યો. ઉપસંહારમાં બે બોલ કહીશ. મેં તમને આ વિવેચનમાં જે જ્ઞાન આપ્યું છે તે તમારી જાતનું યા તો યોગનું સંપૂર્ણ જ્ઞાન છે, એવું માની લેતા નહિ. ઊલટું, આ વિવેચનો યોગસાધનાની વિશિષ્ટ ભૂમિકામાં અગત્યની સૂચનાઓ માત્ર છે. યોગની પ્રાથમિક ક્રિયા-શુદ્ધિ કરવા માટે તેઓ ખાસ ઉપયોગી છે. પ્રથમ શુદ્ધિ સંપૂર્ણપણે થાય એટલે સાધકે મુક્તિ પ્રાપ્ત કરવાની છે. શુદ્ધિ કર્યા પછી મુક્તિ મળવી સહેલી છે, તે પહેલાં મળવી અશક્ય છે. અહીં મુક્તિનો અર્થ ''લય'' સમજવાનો નથી. એ લયની મુક્તિ પ્રાપ્ત કરવા માટે તમારે પ્રયત્ન કરવો જોઈએ નહિ. જ્યારે ભગવાનની શક્તિ લય પમાડે ત્યારે પામવાને તૈયાર રહેવું જોઈએ. પરંતુ અહીં ''મુક્તિ''નો અર્થ ''અજ્ઞાન, અહંકાર અને દ્વંદ્વમાંથી છૂટકારો'' એવો કરવાનો છે. જેમ જેમ શુદ્ધિમાં પ્રગતિ થતી જશે તેમ તેમ મુક્તિ પ્રત્યે, તથા યોગની આગળની ભૂમિકાઓ પ્રત્યે અર્થાત્ ભુક્તિ અને સિદ્ધિ પ્રત્યે કુદરતી રીતે જ વલણ થશે. વળી, જેમ જેમ તમે આગળ વધશો તેમ તેમ તમારે તમારા વલણમાં સમૂળો નહિ, તો પણ કેટલીક અગત્યની બાબતોમાં ઘણો ફેરફાર કરવો પડશે. પરંતુ હમણાં હું તેમાં નહિ ઊતરૂં. એક વખતે એક જ વસ્તુ કરવી એ સારૂં છે.

મેં જે કાંઈ કહ્યું છે તેમાં મેં એક દૃષ્ટિબિંદુ સ્વીકાર્યું છે, અને તમારામાંના ઘણાખરા તેનાથી અપરિચિત છો. જો તમે ''વૈરાગ્ય જ સર્વ જ્ઞાનનું મૂળ છે'' એમ માનતા હશો તો તમને મારાં વિવેચનોથી સંતોષ નહિ થાય. મારા અભિપ્રાય પ્રમાણે પદાર્થોને અતિશય બળપૂર્વક અને ચીવટતાથી વળગી રહેનારા જૂના સંસ્કારોનો (જેમને કેવળ અભ્યાસથી દૂર કરી શકાતા નથી.) નિષેધ કરી તેમને દૂર કરવા માટે ભગવાન જે તાત્કાલિક ઉપયોગી મનોદશા (માનસિક અવસ્થા) ઉત્પન્ન કરે છે તેનું જ નામ ''વૈરાગ્ય'' છે. શુદ્ધિ અને મુક્તિને માટે જ્ઞાનની જરૂર છે. પરંતુ જ્યાં સુધી મન શાંત થઈને જ્ઞાનને કાર્ય કરવા દે એવી ભૂમિકા પ્રાપ્ત થાય ત્યાં સુધી જ્ઞાનનો અભ્યાસ અથવા તો વૈરાગ્યના ટેકાની જરૂર પડે છે. જેવું મન શાંત થશે અને બાહ્ય ઉપદ્રવો અને સંસ્પર્શોને પરિણામે તેના જૂના સંસ્કારો જાગૃત નહિ થાય, એટલે તુર્ત જ્ઞાનનો ઉદય થવા માંડશે અને શક્તિ પોતાનું કાર્ય વગર અડચણે શરૂ કરશે. ત્યાર પછી તમારે સાધના કરવાની રહેશે નહિ. પરંતુ કોઈ પણ ખાસ પદ્ધતિ વિના કુદરતી ક્રિયા અને શ્વાસોચ્છ્વાસ અથવા તો ચલનની ક્રિયા પેઠે કેવળ સાહજિક રીતે ક્રમે ક્રમે સિદ્ધિ પ્રાપ્ત થશે. ત્યાર પછી અભ્યાસ અથવા તો વૈરાગ્યની અગત્ય દૂર થઈ જાય છે. વૈરાગ્ય પ્રત્યે આસક્તિ હોવી એ

લોભીની આસક્તિના જેટલું જ હાનિકારક છે.

વળી, બુદ્ધમતવાળાઓ પેઠે તમે એમ માનતા હો કે જીવન તો દુઃખમય છે, અને કોઈ પણ પ્રકારનો નિર્વાણ યાને શૂન્યાવસ્થામાં સમૂળો લય પ્રાપ્ત કરવો એ ઉત્તમોત્તમ પુરૂષાર્થ છે; અથવા તો માયાવાદીઓના મતના હોઈ તમે એમ માનતા હો કે આપણે આ જગતમાં આવ્યા તેનો એકમાત્ર હેતુ તેનાથી જેમ બને તેમ જલદી દૂર નાસી જવાનો છે, તો તમે મારી પાસેથી બીજે જાઓ તો વધારે સારું. એ તો પેલા પ્રખ્યાત સેનાપતિના પરાક્રમ જેવું થયું ! તે સેનાપતિનું સૌથી મહાન પરાક્રમ એ હતું કે તે એક ટેકરી ઉપર કૂચ કરીને પહોંચી ગયો અને તે શા માટે ? ઝપાટાબંધ કૂચ કરીને પાછા ફરવા માટે ! હું તો તાંત્રિક છું, જગત આનંદમાંથી ઉત્પન્ન થયું છે એમ હું માનું છું. તે આનંદને લીધે સ્થિતિ ધારણ કરી રહ્યું છે અને આનંદમાંથી આનંદ પ્રત્યે પર્યટન કરી રહ્યું છે ! આનંદ અને શક્તિ એ બે અસ્તિત્વનાં અંતિમ તત્ત્વો છે ! દુઃખ અને નિર્બળતા એ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થયેલા વિકારો છે. આત્માનું મૂળ સ્વરૂપ ભુલાઈ જવાને લીધે તેઓ ઉત્પન્ન થયા છે. એ કાંઈ વિરાટ્ અને નિત્ય તત્ત્વો નથી; કેવળ સ્થાનિક અને અલ્પજીવી છે. તેઓ સ્થાનિક છે, કારણ કે તેઓ આપણા પાર્થિવ જગતમાં અસ્તિત્વ ધરાવે છેઃ અને અલ્પજીવી છે, કારણ કે કલિયુગના અલ્પ સમય માટે જ તેઓ અસ્તિત્વ ધરાવે છે. આપણે પોતાને તથા મનુષ્ય જાતિને માટે પૃથ્વીમાં સ્વર્ગ પ્રગટાવવું તથા અસ્તિત્વ અને કાલના ખૂણાઓમાં દુઃખ અને નિર્બળતાને હજી સુધી રહેવા દેવામાં આવ્યાં છે ત્યાંથી તેમને દૂર કરી દેવાં એ આપણું કામ છે. જગત દુઃખથી પૂર્ણ હોવાથી, અકર્મ રહેવાનો બોધ આપી, તેમાંથી કોઈ પણ પ્રકારે દૂર થઈ ગયા વિના મુક્તિ તથા આનંદ મળી શકે જ નહિ, એ નિરાશાભર્યા મતને હું માનતો નથી.

પ્રાણમય કામવાસના

આ બાબતમાં કોઈ સર્વસામાન્ય નિયમ નથી. સ્ત્રીઓ પણ પુરુષ જેટલી જ કે તેમનાથી પણ વિશેષ કામાતુર હોઈ શકે છે. પરંતુ એવી સ્ત્રીઓ પણ મળી આવશે કે જેમને કામ વાસના તરફ લેશ પણ રુચિ હોતી નથી. પણ એવા પુરુષો મળવા તો વિરલ જ છે. કરોડોમાં એકાદ જ શુકદેવ નીકળે, પણ ડાયાના અને પેલાસ એથિની જેવી તો અનેક સ્ત્રીઓ મળશે. કૌમાર જીવન એ સાચું જોતા તો સ્ત્રીએ જ ઉપજાવેલું જીવન દર્શન છે. પુરુષને એક સનાતન કુમારિત્વની કલ્પના કમકમાટી ઉપજાવે છે. એવી ઘણીયે સ્ત્રીઓ છે જેઓ પુરુષના સંપર્કને લીધે જ કામ વૃત્તિનો ઉદય અનુભવે છે. પુરુષ જો તેમના પર પોતાની કામના ઓઢાડતો ન હોય તો તેમનામાં એ વૃત્તિ કદી પણ ઊભી થવા ન પામત. પણ પુરુષોની બાબતમાં એમ કહેવું મુશ્કેલ છે. એવા બહુ પુરુષો નહિ મળે, બહું શું, ભાગ્યે જ કોઈ મળશે. પરંતુ આ ચિત્રને બીજી બાજુ પણ છે. પુરુષો કરતાં સ્ત્રીમાં શારીરિક કામવાસના કદાચ એકંદરે ઓછા પ્રમાણમાં હશે ખરી, પરંતુ સ્ત્રીની અંદર જે પ્રાણમય કામવાસના છે. અન્યને પોતાના બનાવી રાખવાની, તેમ જ પોતે અન્યના થઈ રહેવાની જે સહજ વૃત્તિ છે. અને એવું એવું બીજું ઘણું છે. એનું શું ?

(શ્રી અરવિન્દ કર્મધારા : જૂન : ૮૦ : પૃ. ૯)

પૂર્ણયોગ અને તંત્ર

પૂર્ણયોગમાં વેદાન્ત અને તંત્રનો સમન્વય

આપણે જે સમન્વય સાધવા માગીએ છીએ તેમાં, યોગ અંગેના એક બીજા જ દૃષ્ટિબિંદુવાળા ખ્યાલમાંથી ચાવીરૂપ સૂચન મેળવવામાં આવ્યું છે. એ છે : વેદાન્ત-માર્ગથી શરૂઆત કરવી, અને તંત્રના ધ્યેયને પાર પાડવું. તંત્રમાં એકમાત્ર અગત્યની બાબત છે શક્તિ, એ જ છે આત્મ-પ્રાપ્તિની ચાવી; આપણા સમન્વયમાં આત્મા, આત્મતત્ત્વ એ જ છે એકમાત્ર અગત્યની બાબત, એ જ છે શક્તિ મેળવવાનું રહસ્ય. તંત્ર શરૂઆત કરે છે છેક નીચેથી અને ગોઠવ્યે જાય છે છેક શિખર સુધીનાં સોપાન; તેથી તે શરૂઆતમાં ભાર મૂકે છે નાડીતંત્રમાં અને ચક્રો પર થતાં, જાગ્રત થયેલ શક્તિનાં કાર્ય ઉપર; ષડ્ચક્રોને ભેદવાં એ જ છે આત્મ-શક્તિના પ્રદેશોમાં પ્રવેશ. આપણા સમન્વયમાં માણસને એક દેહનિવાસી આત્માના કરતાં વધારે તો એક મનનિવાસી આત્મા ગણવામાં આવ્યો છે અને સ્વીકારી લેવામાં આવ્યું છે કે તેનામાં, તે પ્રદેશમાંથી શરૂઆત કરી શકવાની, મનમાં વસતા આત્માને સીધો જ ઊર્ધ્વ આધ્યાત્મિક શક્તિ અને અસ્તિત્વમાં લઈ જઈ માનવજાતનું આધ્યાત્મિકરણ કરી શકવાની અને, એમ મેળવેલ તથા કામે લગાડેલ, ઊર્ધ્વ શક્તિ વડે પોતાની સમગ્ર પ્રકૃતિને પરિપૂર્ણ કરી શકવાની શક્તિ છે. આથી, શરૂઆતથી જ આપણો ઝોક રહ્યો છે મનમાં વસતા આત્માની શક્તિના ઉપયોગ પર અને જ્ઞાન-કર્મ-ભક્તિની ત્રિ-વિધ ચાવીને આત્માના તાળામાં ફેરવવા પર; હઠયોગની ક્રિયાઓને વેગળી મૂકી શકાય તેમ છે - જોકે તેમનો કેટલેક અંશે ઉપયોગ કરવામાં કાંઈ વાંધો પણ નથી-; અને રાજયોગનું સ્થાન પણ જેવું તેવું જ હોઈ શકે. આધ્યાત્મિક શક્તિ અને અસ્તિત્વના વધુમાં વધુ વિકાસને ટૂંકામાં ટૂંકા રસ્તે પ્રાપ્ત કરવો અને તેના વડે, માનવ-જીવનના સમગ્ર પ્રદેશમાં મુક્ત પ્રકૃતિને દિવ્ય બનાવવી એ જ છે આપણો પ્રેરક ઉદ્દેશ. (યોગમાર્ગોનો સમન્વય-૨ : પૃ. ૮૪-૮૫)

***

કુંડલિની, ચક્રો અને પૂર્ણયોગ

કુંડલિની-જાગરણ અને તેનું જુદાં જુદાં કેન્દ્રો દ્વારા ઊર્ધ્વગમન અને કેન્દ્રોની શુદ્ધિ એ તાંત્રિક જ્ઞાનનો ભાગ છે. આપણા યોગમાં શુદ્ધિકરણની પ્રક્રિયા અને કેન્દ્રોનું ઉદ્‌ઘાટન કરવા માટે સંકલ્પપૂર્વકનો પ્રયત્ન કરવામાં આવતો નથી, વળી અમુક નિશ્ચિત પદ્ધતિથી કુંડલિનીનું ઊર્ધ્વગમન પણ કરવામાં આવતું નથી. એક બીજી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે, તેમ છતાં તેમાં જુદી જુદી ભૂમિકાઓમાં થઈને ચેતનાનું આરોહણ તો આવે જ છે; એમાં જુદાં જુદાં કેન્દ્રોનું અને એ કેન્દ્રો જેના ઉપર કાબૂ ધરાવે છે તે ભૂમિકાઓનું (મનોમય, પ્રાણમય,

અન્નમય) ઉદ્‌ઘાટન પણ આવે જ છે. અને એમાં અવતરણ પણ આવે છે જેને આધ્યાત્મિક રૂપાંતરની મુખ્ય ચાવીરૂપ ગણવામાં આવે છે. માટે જ મેં કહેલું છે કે, આ યોગની રૂપાંતરની પ્રક્રિયાની પાછળ તંત્રનું જ્ઞાન આવી રહેલું છે.

***

પૂર્ણયોગમાં ચક્રોના ઉદ્‌ઘાટન માટે સંકલ્પપૂર્વકનો પ્રયત્ન કરવામાં આવતો નથી. શક્તિનું અવતરણ થવાથી ચક્રો આપોઆપ ખૂલી જતાં હોય છે. તાંત્રિક સાધનામાં ચક્રો નીચેથી ઉપરની દિશા તરફ ખૂલતાં હોય છે : પ્રથમ મૂલાધાર — આપણા યોગમાં ચક્રો ઉપરથી નીચેની દિશા તરફ ખૂલતાં હોય છે. અલબત્ત, મૂલાધારમાંથી શક્તિનું આરોહણ તો થતું જ હોય છે.

***

કુંડલિનીનું આરોહણ — અવતરણ નહિ — હું જાણું છું ત્યાં સુધી એ સ્વીકૃત ઘટના છે; આપણા યોગમાં આને મળતી એક ઘટના ઘટે છે ખરી, અને તે છે ઊર્ધ્વ ચેતનાને મળવા માટે પ્રાણ તથા શરીરમાંથી આરોહણ પામતી ચેતનાની અનુભૂતિ. આ આરોહણ ચક્રો મારફતે જ થ તું હોય એ જરૂરી નથી. પરંતુ એ આરોહણનો અનુભવ મોટે ભાગે સમગ્ર શરીરમાં થતો હોય છે. એ જ પ્રમાણે ઊર્ધ્વ ચેતનાનું થતું અવતરણ પણ સામાન્યતઃ ચક્રો મારફતે જ થાય એ જરૂરી નથી. અલબત્ત એ સમગ્ર મસ્તક, ગળું, છાતી, ઉદર અને શરીરને આવરી લેતું હોય છે.

(CWSA 29 : 459-60)

***

કામવાસનાના આવેગ ઉપર પ્રભુત્વની જરૂરિયાત

શિષ્ય : આપણા યોગમાં આપણે પ્રકૃતિની નિમ્નતર ગતિને બંધ કરી દેવાની હોય છે કારણ કે તે સાધનામાં અવરોધ કરે છે. પણ તાંત્રિકો, ખાસ કરીને વીરસાધકો, આ અવરોધોનો પણ ઉપયોગ કરી લે છે અને તેમની મદદ વડે આધ્યાત્મિક જીવનનું નિર્માણ કરે છે.

નીતિવાદીઓ માને છે તેમ, જાતીય સંભોગ પોતે એક ખરાબ વસ્તુ નથી. તે પ્રકૃતિની એક ગતિ છે. જે પોતે સારી પણ નથી, તેમ ખરાબ પણ નથી. પણ યોગના દૃષ્ટિબિન્દુથી જોતાં, કામવૃત્તિ જગતમાં એક સૌથી મહાન શક્તિ છે, અને જો તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવે તો તે અસ્તિત્વને પુનર્જીવિત કરવામાં મદદ આપે છે. પણ જો તેને સામાન્ય રીતે ભોગવવામાં આવે તો બે કારણોસર તે એક મહાન અવરોધ છે. પ્રથમ, જાતીય સંભોગથી પ્રાણિક શક્તિની ખૂબ હાનિ થાય છે. તે મૃત્યુ પ્રત્યે ગતિ છે, જો કે નવીન જીવના સર્જનથી તેનું વળતર મળી રહે છે. તે મૃત્યુ પ્રત્યે ગતિ છે એ વાત તો ત્યાર પછી થતી રુકાવટથી સિદ્ધ થાય છે. કેટલાક લોકોને સંભોગ પછી ઘૃણા પણ જન્મે છે.

***

બીજું કારણ આ છે : સામાન્ય સંભોગક્રિયાની સાથે જે ઉશ્કેરાટ આવે છે, તે માણસની ચૈત્યિક શક્યતાઓનો નાશ કરે છે. તેનો ચેતનાનાં ઉચ્ચતર કેન્દ્રો સાથે વિચ્છેદ થાય છે, અને તેનું પતન થાય છે. માણસો કહે છે કે અમારી મારફતે શક્તિ તેનો ઉપભોગ કરે છે, પણ તે તો કથનનો એક પ્રકાર માત્ર છે. લોકો નિમ્નતર ગતિઓમાં ઉપભોગ માણે છે, વિરોધી બળોને તાબે થાય છે, અને સાથેસાથે યોગીઓ કહેવાય છે. વિરોધી બળોને તાબે થવામાં, વેદાંતના વલણને પણ બહાના તરીકે આગળ ધરવામાં આવે છે. તેઓ કહે છે કે, 'બધી માયા છે, પુણ્યપાપ, શુભઅશુભ કાંઈ નથી;' અને પછી તેઓ નિમ્નતર પ્રાણિક શક્તિઓને તાબે થાય છે.

શિષ્ય : પણ પ્રકૃતિની નિમ્નતર ગતિઓ પોતે જ શું વિરોધી નથી ?

શ્રી અરવિન્દ : ના. પણ તે વિરોધી બળો પ્રત્યે ખુલ્લાપણું પેદા કરી આપે છે, અને વિરોધી બળો આ નિમ્નતર ગતિઓનો પોતાના હેતુ માટે ઉપયોગ કરી લે છે.

શિષ્ય : સંભોગક્રિયાની અવનતિકારક અસરો બાબત શું એવો પ્રશ્ન કરી શકાય કે લગ્ન અથવા કાયદેસરની છૂટ તેમાં કોઈ ફેરફાર કરે છે ?

શ્રી અરવિન્દ : જરા પણ નહિ. આ નીતિમય નિષેધો સમાજની સલામતી માટે, જન્મતાં બાળકોના કલ્યાણ માટે છે; પણ જ્યાં સુધી યોગના જીવનને લાગેવળગે છે, ત્યાં પોતાની પત્ની સાથે કરાયેલો સંભોગ, કોઈ બીજી સ્ત્રી સાથે કરાયેલા સંભોગ જેટલો જ હાનિકારક છે. (સાંજના વાર્તાલાપો (ખંડ ૨ને ૩) પૃ. ૮૧-૮૨)

વાચકને



વાચકને વિનંતી કરવામાં આવે છે કે, આ રેકોર્ડ માટે શ્રી અરવિન્દ જવાબદાર નથી, કારણ કે તેને જોઈ જવા માટે તેમને તક સાંપડી ન હતી. એટલે શ્રી અરવિન્દે આ વસ્તુઓ અક્ષરશઃ કહી હતી એવું નથી, પણ મને તેમનાં કથનો આ રીતે યાદ રહ્યાં છે, એવો અર્થ કરવો. માનવ માટે શક્ય બની શકે તેટલા પ્રમાણમાં આ રૅકોર્ડ ટપકાવી લેવામાં હું વફાદાર રહ્યો છું.

આથી મારી અંગત જવાબદારીમાંથી હું છટકી જવા માગતો નથી. તે જવાબદારી હું સ્વીકારી લઉં છું.

– અંબુભાઈ પુરાણી

કામવાસનાના આવેગનું આમૂલાગ્ર રૂપાંતર

પરંતુ આપણે જો કામવાસનાના તદ્દન સ્થૂલ પ્રકારના શારીરિક ઉપભોગને બાદ રાખીએ તો, જાતીય તત્ત્વના સ્વીકારને આપણે પૃથ્વી ઉપરના દિવ્ય જીવનમાંથી બાદ ન કરી શકીએ; એ વસ્તુ જીવનમાં આવી રહેલી છે જ, એક મોટો ભાગ ભજવી રહી છે અને માટે એને હાથ ધર્યા વિના ચાલે તેમ નથી. એની કેવળ અવગણના કરીએ, ફક્ત દબાવી દઈએ અથવા એના ઉપર કડપ ચાલુ રાખીએ કે નજરઅંદાજ કરીએ તે કાંઈ ચાલે નહિ. પહેલી વાત એ કે, એનું એક પાસું વૈશ્વિક અને કદાચ દિવ્ય તત્ત્વનું છે : એ તત્ત્વ ઈશ્વર અને શક્તિનું આધ્યાત્મિક સ્વરૂપ લે છે. એમના વિના સૃષ્ટિનું સર્જન ન થાય અથવા સર્જન માટે જરૂરી એવા પુરુષ અને પ્રકૃતિનાં વૈશ્વિક તત્ત્વોનું મિલન તેમજ આપ-લે થવાની ક્રિયા, આ સૃષ્ટિની લીલાની સમગ્ર પ્રક્રિયાના પાયારૂપ આત્મા અને પ્રકૃતિના આવિર્ભાવ માટે અને મનોવૈજ્ઞાનિક કાર્યોના ખેલ માટે પણ જરૂરી છે. ખુદ દિવ્ય જીવનમાં પણ આ બે શક્તિઓની વિભૂતિઓ અથવા કાંઈ નહિ તો કોઈ પણ સ્વરૂપમાં તેમની હાજરી અથવા તેમનાં દેહધારી સ્વરૂપો અથવા પ્રતિનિધિઓ દ્વારા તેમનાં પ્રારંભોત્સાહક પ્રભાવનું અસ્તિત્વ, નૂતન સૃષ્ટિના સર્જનને શક્ય બનાવવા માટે અનિવાર્ય બની રહેશે. એની માનવીય પ્રવૃત્તિઓમાં કાર્ય કરે છે ત્યારે, મનોમય અને પ્રાણમય ભૂમિકાઓ ઉપર પણ, કામવૃત્તિ કોઈ તદ્દન અદિવ્ય તત્ત્વ નથી હોતું; એના પણ ઉદાત્ત પાસાં અને આદર્શ અવસ્થાઓ હોય છે અને આપણે એ જોવાનું રહે છે કે આ વસ્તુઓને કયે માર્ગે અને કેટલા અંશે આપણા નૂતન અને વિશાળતર જીવનમાં પ્રવેશ આપી શકીશું. કામવાસનાના સર્વ પ્રકારના સ્થૂલ અને પશુમય ઉપભોગોનો તો આપણે ઉચ્છેદ જ કરવો પડશે; એ વસ્તુ તો જે લોકો ઉચ્ચતર જીવન માટે તૈયાર નથી તેઓમાં અથવા જેઓ હજી સર્વાંશે આધ્યાત્મિક હોય એવા જીવન માટે તૈયાર નથી થયા તેમનામાં જ ચાલુ રહી શકશે. જે લોકો એવા આધ્યાત્મિક જીવનની અભીપ્સા સેવતા આવ્યા હોય છતાં હજી સુધી તેને પૂર્ણપણે અમલી બનાવી ન શક્યા હોય, તેમણે જાતીયવૃત્તિને સંસ્કારવી પડશે, આધ્યાત્મિક અથવા ચૈતસિક ઊર્મિને આધીન બનાવવી પડશે, ઊર્ધ્વ મન અને ઊર્ધ્વ પ્રાણના કાબૂ હેઠળ લાવવી પડશે; એના હલકટ, દુર્વ્યયી, અથવા અધમ રૂપોને ખંખેરી નાખવાં પડશે અને આપણા આદર્શની નિર્મળતાના સ્પર્શનું સંવેદન અનુભવવું પડશે. (શ્રી અરવિન્દ કર્મધારા : જાન્યુઆરી ૧૯૮૦ : પૃ. ૮)

***

'શક્તિ' અને સ્ત્રી તથા પુરુષ વચ્ચે આધ્યાત્મિક સંબંધ

આધ્યાત્મિક મિલનમાં સ્ત્રી સાચા સ્વરૂપમાં શક્તિ રૂપ હોવી જોઈએ. અર્થાત્ તેનું વ્યક્તિત્વ એવું બળવાન હોવું જોઈએ કે તે પુરુષ પાસેથી યોગ્ય રીતે મદદ મેળવી શકે. દરેક જણે બીજાને સારી રીતે મદદરૂપ થવું જોઈએ. આ સંબંધ પ્રાપ્ત કરવો અતિ કઠિન છે. સાધકને આ મુશ્કેલી આવે છે, સિદ્ધને નહિ. સિદ્ધ બરાબર જાણતો હોય છે કે, શેનું પ્રગટીકરણ કરવાનું છે. જો તેની શક્તિ હોય, તો તે ક્યાં છે તે તે પુરુષ-સિદ્ધ જાણતો હોય છે, અને તે તેને મેળવશે.

શિષ્ય - પાર-મનસ યોગમાં શક્તિ જરૂરી છે ?

શ્રી અરવિન્દ – યોગ માટે શક્તિ જરૂરી નથી. શક્તિ વગર પણ પૂર્ણજ્ઞાન, ચેતના, શક્તિ અને આનંદ પ્રાપ્ત કરી શકાય. પણ જો આ તત્ત્વો જીવનમાં લાવવાનાં અને પ્રગટ કરવાનાં હોય, તો શક્તિની જરૂર છે. જો શક્તિ નહિ હોય, તો તે પોતામાં રહેલાં જ્ઞાનને, શક્તિને, આનંદને વગેરેને જીવનમાં નહિ લાવી શકે. તેવા કિસ્સામાં તે ભાવિમાં કરવાના કાર્ય માટે તૈયારી કરી શકે. (સાંજના વાર્તાલાપો ખંડ-૧ : પૃ. ૧૯૮-૯૯)

***

ઘણા લોકો જેને પ્રેમ કહે છે તે બહુ ઉપરચોટિયા વસ્તુ છે, અને મોટે ભાગે તેને પ્રાણિક કામવાસના સાથે સંબંધ હોય છે. તેનો સંપૂર્ણપણે ઈન્કાર કરવો રહ્યો.

તેના કરતાં વધારે ઊંડો એક સંબંધ છે, તે આત્માનો છે. તે સંબંધ પોતે જાતે અંદરથી ઊગે છે. તે બંનેમાં એકતાના આદર્શરૂપે પ્રગટ થાય છે-મનમાં એકતા, આત્મામાં એકતા. તે સંબંધ શાંત હોય છે, શાંતિપૂર્ણ, વિશાળ, પવિત્ર હોય છે. તેમાં બિલકુલ પ્રાણિક કામવાસના, શારીરિક ભૂખ નથી હોતી. સ્ત્રી-પુરુષ વચ્ચે પુરુષ તથા શક્તિ વચ્ચેનો સંબંધ પણ શક્ય છે. પણ તે સંબંધ સામાજિક નથી હોતો. સામાન્ય નથી હોતો. અમુક પુરુષ અમુક સ્ત્રીને પરણ્યો છે, તેથી તેની પત્ની અનિવાર્યપણે તેની શક્તિ હોય જ એવું નથી.

જ્યાં સુધી આ સંબંધોને તમે સમજ્યા નથી, તેમની અનુભૂતિ કરી નથી, ત્યાં સુધી મૈત્રીભાવનો સંબંધ તમારી બેની વચ્ચે શક્ય છે. અર્થાત્ તમારી પત્ની તમારી મિત્ર હોય તે રીતે તમે તેની સાથે રહી શકો છો, કે જે મિત્રને જીવનનો સમાન આદર્શ છે. તેમાં મૈત્રીસંબંધ સિવાય બીજા કોઈ પ્રકારનો સંબંધ ન હોવો જોઈએ.

***

શ્રી અરવિન્દ આંતરાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાનું પ્રતીક



ઈશ્વર અને ઈશ્વરીયનો એમની એકતામાં અસરકારક આવિર્ભાવ.

શ્રી માતાજી

Kali Puja, 10.11.58

A being of wisdom, power and delight,
Even as a mother draws her child to her arms,
Took to her breast Nature and world and soul.

Savitri, 312

પ્રભુ માતૃસ્વરૂપે

પ્રભુની માતા

એક, આદ્યા, પરાત્પરા શક્તિ, મા ભગવતી, સકળ વિશ્વોની શ્રેણીઓથી પર ઊર્ધ્વમાં બિરાજે છે. અને પોતાની સનાતન ચેતનામાં પરમ ઈશને તે ધારણ કરી રહી છે. એકલ, એ મા ભગવતી પરમ ઈશના સર્વશક્તિમાનપણાને અને તેની અવર્ણનીય સંનિધિને પોતાનામાં ધારણ કરે છે. જે સત્યો પ્રગટ કરવાનાં હોય છે તેમને પોતાનામાં ધારણ કરીને, અથવા તો પરમ ઈશની રહસ્યમયતામાં લીન રહેલાં હોય છે ત્યાંથી તેમને સાદ કરીને પોતાની અનંત ચેતનામાં નીચે ઉતારી લાવે છે, અને પોતાની શાશ્વત, સર્વસમર્થ શક્તિમાંથી આ વિશ્વમાં તેમને શક્તિનું એક સ્વરૂપ આપે છે તથા પોતાના નિરવધિ પ્રાણમાંથી પ્રાણ અને પાર્થિવ દેહ પણ આપે છે. પરાત્પરા મા ભગવતીની ચેતનામાં પરમ બ્રહ્મ પોતે શાશ્વત સચ્ચિદાનંદ રૂપે સદા પ્રગટ રહેલ છે. અને ઈશ્વર-શકિતની એક છતાં દ્વિદલ ચેતનામાં તે મા ભગવતી દ્વારા પ્રગટ થાય છે, તથા પુરુષ પ્રકૃતિના દ્વૈત તત્ત્વરૂપે તે જ વ્યક્ત થાય છે, — અનેક સૃષ્ટિઓમાં, અને સ્તરોમાં તથા દેવો અને દેવીઓમાં એ દ્વૈત-અદ્વૈત તત્ત્વને મા ભગવતી મૂર્ત સ્વરૂપ આપે છે, તથા જ્ઞાત અને અજ્ઞાત જગતોમાં જે કાંઈ છે તે સઘળું મા ભગવતીને લીધે જ સાકાર થયેલું છે. જે કાંઈ છે તે સર્વ પરમ બ્રહ્મની સાથે મા ભગવતીની લીલા છે; જે કાંઈ છે તે સઘળું શાશ્વત પરમનાં રહસ્યોનો, અનંતના ચમત્કારોનો મા ભગવતીએ કરેલો આવિર્ભાવ છે. અખિલ વિશ્વ મા ભગવતી પોતે જ છે, કારણ કે સર્વ કાંઈ દિવ્ય ચિતિના જ ભાગો અને તેનાં જ અંગો છે. અહીં આ જગતમાં કે અન્યત્ર શ્રી મા જે નિર્માણ કરે અને પરમ ઈશ જેને અનુમોદન આપે તે સિવાય કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકે જ નહિ. પરમ બ્રહ્મથી પ્રેરિત મા ભગવતી પોતાના સર્જક આનંદમાં બીજ રૂપે નાંખીને પોતાની જ્ઞાન દૃષ્ટિ વડે જે વસ્તુને જુએ છે અને જેને આકાર આપે છે તે સિવાય આ વિશ્વમાં કોઈ વસ્તુ સાકાર બની શકતી જ નથી.

મહાશક્તિ, વિશ્વજનની — જગદંબા રૂપે પોતાની પરાત્પરા ચેતનાએ પરમ બ્રહ્મમાંથી જે કંઈ સંક્રમિત કરેલું હોય છે તેને પાર પાડે છે, બીજાવસ્થામાંથી વિકસિત કરે છે, તથા પોતે જે જગતો ઉત્પન્ન કરેલાં છે તેમાં, સ્વયં પ્રવેશે છે, એની સન્નિધિ એ જગતોને વ્યાપીને તેમને સભર ભરે છે, તથા જે દિવ્ય શક્તિ અને જે આનંદના વિના એ જગતો ટકી જ ન શકે તેના વડે તેમને ટકાવી રાખે છે. આપણે જેને પ્રકૃતિ અને સ્વભાવ કહીએ છીએ તે પણ મા જગદંબાનું અત્યંત બાહ્ય અને કાર્યવાહક સ્વરૂપ માત્ર છે. મા જગદંબા પોતાનાં બળોને અને પ્રક્રિયાઓને એકત્ર કરે છે તથા તેમની વચ્ચે સંવાદ સ્થાપી તેમને વ્યવસ્થિત કરે છે, પ્રકૃતિના વ્યાપારોને, પ્રક્રિયાઓને વેગ આપે છે તથા જગતમાં જે કાંઈ જોઈ શકાય તેવું છે તેમાં, યા તો જે અનુભવી શકાય તેવું છે તેમાં, કિંવા, જીવનની ગતિમાં જે મૂકી શકાય તેવું છે તે સર્વમાં, વિશ્વજનની, ગૂઢ કે પ્રગટ રીતે, પોતે જ ગતિ કરી રહી છે. અનેક સૃષ્ટિમાલાઓમાંની પ્રત્યેક સૃષ્ટિ તે તે

પ્રકારની સૃષ્ટિમાલાની કે તે તે સૃષ્ટિની મહાશક્તિની માત્ર એક જ લીલા છે. પ્રત્યેક સૃષ્ટિમાં વ્યાપી રહેલી એ મહાશક્તિ વિશ્વાત્મા રૂપે તથા વિશ્વાતીત મા ભગવતીના એક વિશિષ્ટ વ્યક્તિ રૂપે ત્યાં બિરાજતી હોય છે. પ્રત્યેક જગત જગદંબાએ પોતાની દિવ્ય દૃષ્ટિ વડે નિહાળેલી, સૌન્દર્ય અને શક્તિપ્રચુર પોતાના હૃદયમાં સંચિત કરેલી અને પોતાના અગાધ આનંદમાં સર્જેલી સૃષ્ટિ છે...

***

મા ભગવતી આ સઘળાં વિશ્વોનું નિયમન પોતે ઊર્ધ્વમાં રહીને કરે છે એટલું જ નહિ પણ આ નીચેના ત્રિલોકમાં પણ તે અવતરણ કરે છે. બિનંગતપણે જોતાં, અહીં આ વિશ્વમાં જે કાંઈ છે તે સઘળું, અવિદ્યાનાં કાર્યો પણ, મા ભગવતીનાં જ સ્વરૂપો છે, સઘળું સર્જન તેનું જ છે, પરંતુ ઊતરતા પ્રકારના સત્ત્વથી ઘડેલું છે. સઘળું મા ભગવતીનું જ પ્રકૃતિ-શરીર અને એની જ પ્રકૃતિ-શક્તિ છે. અને એ બધાંની હસ્તી નભી રહી છે એનું કારણ એ છે કે અનંત બ્રહ્મની અનંત શક્યતાઓમાં રહેલી કોઈ અનિર્વચનીય વસ્તુને પાર પાડવા માટે પરમ ઈશના અકળ આદેશથી પ્રેરાયલી મા ભગવતીએ પોતે મહાન આત્મત્યાગ કરવાની અનુમતિ આપી છે અને અવિદ્યાનાં રૂપોને અને જીવોને પોતે જ એક બુરખા પેઠે ધારણ કરી લીધાં છે. એ અવૈયક્તિક આવિર્ભાવ ઉપરાંત, વ્યક્તિ રૂપે પણ તેણે અહીં અંધકારની નિમ્ન ભૂમિકામાં ઊતરવાનું સ્વીકાર્યું છે જેથી કરીને પોતે તમસને પાછું જ્યોતિ પ્રત્યે લઈ જઈ શકે, આ જગતના અસત્ય અને સ્ખલનમાં તે ઊતરી છે જેથી કરીને પોતે તેનું સત્યમાં પરિવર્તન કરી શકે, આ મૃત્યુલોકના જીવનમાં આવી છે જેથી કરીને દિવ્ય જીવનમાં તેને રૂપાંતર પમાડી શકે, આ દુઃખરૂપ સૃષ્ટિમાં — વિશ્વની વ્યથામાં, — એના દુરાગ્રહી શોકમાં અને સંતાપમાં તેણે પ્રવેશ કર્યો છે, જેથી કરીને તેને પોતાના દિવ્ય ભવ્ય આનંદની રૂપાંતર સાધનારી પરાકાષ્ઠામાં લય પમાડી શકાય. પોતાનાં સંતાનો પ્રત્યેના ગૂઢ અને વિશાળ વાત્સલ્યથી પ્રેરાઈને મા ભગવતી પોતે આ પૃથ્વીની તમોગ્રસ્તતાનો અંચળો ધારણ કરવાને સંમત થઈ છે, તમસ અને અસત્યની પ્રભુવિરોધી શક્તિઓના હુમલાઓ ઝીલવાની અને એમની દારુણ સંતાપ આપનારી છાયાઓ સહન કરવાની તેણે કૃપા કરી છે, જે જન્મ પોતે મૃત્યુનું જ સ્વરૂપ છે તેના દ્વારમાં થઈને પસાર થવાની યાતના તેણે સહન કરી છે, — એણે આ સૃષ્ટિનાં દુઃખ, વ્યથા, શોક સંતાપ, ક્લેશો પોતાના ઉપર લઈ લીધાં છે, કારણ કે એ પ્રમાણે કરવાથી જ આ સૃષ્ટિને પાછી જ્યોતિ, આનંદ, સત્ય અને શાશ્વત જીવન પ્રત્યે ઊર્ધ્વમાં પહોંચાડી શકાય તેમ છે એમ તેની દિવ્ય દૃષ્ટિમાં જોવામાં આવ્યું હતું. આ તે પરમ યજ્ઞ છે જેને કેટલીક વાર પરમ પુરુષનો યજ્ઞ કહેવામાં આવે છે, પરંતુ ઘણા વધારે ગંભીર અર્થમાં તે પ્રકૃતિનું આત્મ-વિસર્જન છે, મા ભગવતીનો પરમ યજ્ઞ છે. ('મા' પુસ્તક : પૃ. ૩૭-૪૦ અને ૪૫-૪૭)

***

ભાગવત શક્તિ અને દિવ્ય બળ

દિવ્ય બળ એ ભાગવત શક્તિનો અંશ માત્ર હોય છે. શ્રી અરવિન્દ અહીં જે દિવ્ય શક્તિ

શબ્દનો ઉપયોગ કરે છે તે चित्-तपस् શક્તિના અર્થમાં, સર્જક શક્તિ, સર્જક ચેતનાના અર્થમાં એ ઉપયોગ કરે છે. પરિણામસ્વરૂપ દિવ્ય બળ એ શક્તિનો અંશ માત્ર હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૨૮-૨૯)

***

મા ભગવતી અને એનાં સ્વરૂપો વચ્ચેનો સંબંધ

મધુર માતાજી, મહાસરસ્વતી શા માટે ચારેમાં સૌથી નાની છે ?

કારણ કે તેનું કાર્ય છેવટનું છે; તેથી તે છેલ્લી આવી. (મૌન) અહીં જે રીતે ક્રમ અપાયો છે તે રીતે તેઓનો આવિર્ભાવ થયેલો. આ બધાં સ્વરૂપો મા ભગવતીના ગુણો છે, જે એક પછી એક કાર્યની જરૂરિયાત પ્રમાણે આવિર્ભાવ પામ્યા. અને પૂર્ણતાની જરૂરિયાત છેવટે આવી એટલે તે સૌથી નાની છે.

પરંતુ આ ચારે સ્વરૂપો એકબીજાથી સ્વતંત્ર છે ?

થોડે ઘણે અંશે, પણ સમગ્ર રીતે નહીં. હંમેશાં તે વસ્તુ તો એક જ છે. એક એવી સ્વતંત્રતા છે જે કેટલીક વખત સમગ્ર લાગે છે અને એકીસમયે ગાઢ સંકળાયેલી લાગે છે, પરંતુ દરેક નિરપેક્ષ કહી શકાય. કેન્દ્રવર્તી ચેતના, એટલે આ સ્થૂલ જગતમાં મહાલક્ષ્મી છે એ તમે જાણો છો. આ બીજાં બધાં પાસાંઓના કાર્યને કાબૂમાં રાખવાની તેનામાં શક્તિ છે — જો કે તે દરેક બિલકુલ સ્વતંત્ર છે અને તેમની અભીપ્સા તરીકે કાર્ય કરે છે અને તેમ છતાં તે તેમના ઉપર કાબૂ રાખી શકે છે, એ અર્થમાં કે જો.....

તમે કાલીનો દાખલો લો. જો કાલી એમ નક્કી કરે કે તેણે વચ્ચે પડવું છે, અને મહાલક્ષ્મી, જેનામાં વસ્તુઓ માટે વધારે સમગ્ર અને વિશાળ દર્શન છે, તે જુએ કે વચ્ચે પડવાનો સમય પાક્યો નથી અથવા વધારે વહેલું છે, તો તે મહાકાલી ઉપર દબાણ મૂકીને એમ કહે, ''શાંત રહે.'' અને બીજીને શાંત રહેવાની ફરજ પડે. અને તેમ છતાં તે બિલકુલ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ : ૨૮૧)

***

મા ભગવતીની શક્તિ

કોઈ પણ માનવ પુરુષાર્થ અને તપસ્યા નહિ, પરંતુ માત્ર મા ભગવતીની શક્તિ જ માનવ પ્રકૃતિની ઉપર રહેલ ઢાંકણને તોડી નાંખી શકે છે, એની ઉપરના આવરણને ચીરી શકે છે, માનવ પ્રકૃતિ રૂપી પાત્રને ઘડી શકે છે અને આ તમસ, અસત્ય, મૃત્યુ અને દુઃખના બનેલા જગતમાં સત્યને, પ્રકાશને, દિવ્ય જીવનને અને અમરોના આનંદને લાવી શકે છે.

('મા' પુસ્તક : પૃ. ૮૨-૮૩)

***

મા ભગવતીની તાંત્રિક અનુભૂતિ

મા ભગવતી તે પરમાત્મા છે એ રીતની અનુભૂતિ તાંત્રિક અનુભૂતિ છે. સત્યની એ એક બાજુ છે.

***

શ્રી માતાજીની શક્તિ વિના કશું જ થઈ શકે તેમ નથી.

***

હું જ્યારે શ્રી માતાજીની શક્તિની વાત કરું છું ત્યારે તે પ્રકૃતિની શક્તિ અંગે નથી હોતી. પ્રકૃતિની શક્તિમાં તો અવિદ્યાના પદાર્થો આવી રહેલા હોય છે, જ્યારે શ્રી માતાજીની શક્તિ તે પ્રકૃતિની શક્તિના કરતાં પણ ઉચ્ચ એવી પરમાત્માની શક્તિ છે અને પ્રકૃતિનું રૂપાંતર કરવાને તે ઉપરથી નીચે આવી રહેલી છે.

***

તમારી અંદર તમને એક ધોધ નીચે ઊતરી આવતો અનુભવાય છે તે શ્રી માતાજીની અધિમનસ શક્તિ હોવી જોઈએ. એ શક્તિ સામાન્ય રીતે મસ્તકની ઉપરથી નીચે વહી આવે છે, ત્યાંથી પ્રથમ તે મનનાં કેન્દ્રો (મસ્તક અને ગરદન)માં કામ કરે છે અને પછી છાતીમાં અને હૃદયમાં નીચે જાય છે અને તે પછી આખાયે શરીરની ક્રિયામાં ઓતપ્રોત થઈ જાય છે.

તમને માથાની અંદર ખભા સુધી જે અનુભવ થાય છે તે આ શક્તિના કાર્યની અસર હોવી જોઈએ. ઉપરથી આ જે શક્તિ આવી રહેલી છે તે ચેતનાનું એક ઊર્ધ્વ આધ્યાત્મિક સ્વરૂપની ચેતનામાં રૂપાંતર કરવાનું કાર્ય કરનારી શક્તિ છે. આ શક્તિનું કાર્ય શરૂ થાય તે પૂર્વે શ્રી માતાજીની શક્તિ સાધકમાં આવીને કાર્ય કરે છે. સાધકની ચેતનાને ટેકો આપવા, વિશુદ્ધ કરવા તથા તેનું અંતરાત્મામાં પરિવર્તન કરવા માટે તે અંતરાત્માની ભૂમિકા ઉપર મનની, પ્રાણની તથા ઠેઠ શરીરની ભૂમિકા ઉપર આવીને કામ કરવા લાગે છે.

***

જે જે કોઈ શ્રી માતાજી તરફ વળેલું છે તે મારો યોગ જ કરે છે. માણસ પોતે પોતાની મેળે પૂર્ણયોગ 'કરી' શકે છે — એટલે કે પોતાના જ પ્રયત્ન દ્વારા યોગનાં સર્વ અંગોનો અમલ કરી શકે છે અને તે બધાંને સિદ્ધ કરી શકે છે એમ માનવું એ ઘણી મોટી ભૂલ છે. કોઈ પણ માનવ પ્રાણી આ કરી શકે તેમ નથી. સાધકે પોતે જે કરવાનું છે તે આ કે તે પોતાની જાતને શ્રી માતાજીના હાથમાં મૂકી દે અને સેવા દ્વારા, ભક્તિ દ્વારા, અભીપ્સા દ્વારા પોતાની જાતને શ્રી માતાજી પ્રત્યે ખુલ્લી કરે. એમ થતાં શ્રી માતાજી તેનામાં પોતાના પ્રકાશ અને શક્તિ વડે કામ કરવા લાગે છે અને તે રીતે સાધના થવા લાગે છે. વળી પોતે એક મહા પૂર્ણયોગી થવું છે કે અતિમાનસ વ્યક્તિ બનવું છે એવી મહત્ત્વાકાંક્ષા સેવવી તેમ જ પોતે આ સિદ્ધિ તરફ કેટલે સુધી પ્રગતિ કરી છે તે જાણવા માગવું એ ભૂલ છે. સાધક માટે ખરું વલણ તો એ છે કે તે કેવળ શ્રી માતાજી પ્રત્યે પોતાની નિષ્ઠા વાળેલી રાખે, તેમને જ સમર્પિત બની રહે તેમ જ શ્રી માતાજી તેને જે બનાવવા ઇચ્છે તે બની રહેવાની પોતે ઇચ્છા રાખે. આ સિવાયની બીજી વસ્તુઓનો નિર્ણય કરવો અને તમારામાં તે કરી આપવી એ શ્રી માતાજીનું કાર્ય છે.

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ : પૃ. ૨૯, ૩૩-૩૪, ૬૪-૬૫)

***

અનંત શક્તિની રીત

પ્રભુ આપણા દ્વારા પોતાને ચરિતાર્થ કરી રહ્યા છે. તેમના પ્રેમ અને તેમની પ્રજ્ઞામાં શ્રદ્ધા રાખવી જ જોઈએ. તેઓ આપણા દ્વારા જ યોગસિદ્ધિને, આપણાં જીવન અને કાર્યને પણ ચરિતાર્થ કરી રહ્યાં છે. દેખીતી રીતે જ્યારે ખરાબ થઈ રહ્યું હોય એવું લાગતું હોય ત્યારે પણ આપણા સારા માટે સર્વ કંઈ તેઓ કરી રહ્યાં હોય છે. અને પ્રભુ દ્વારા આવિર્ભાવ પામેલી શક્તિના બળમાં શ્રદ્ધા રાખવી જ જોઈએ; પ્રભુ આપણા આ આધારમાં એ શક્તિનો આવિર્ભાવ કરે છે, યોગમાં અને જીવનમાં દિવ્ય જ્ઞાન, શક્તિ અને આનંદને ટકાવી રાખવા, સિદ્ધ કરવા અને ચરિતાર્થ કરવા માટે. શ્રદ્ધા વગર શક્તિ સંભવી શકે નહિ. અપૂર્ણ શ્રદ્ધા એટલે અપૂર્ણ શક્તિ.

(CWSA 11 : 13)

***

તમારી અંદર પ્રચંડ કાર્ય કરવામાં આવી રહ્યું છે; તમારી સમગ્ર માનવીય પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પલટી નાખવાનું કાર્ય. સદીઓની ઉત્ક્રાંતિને થોડા વરસોમાં સિદ્ધ કરી લેવાનું કાર્ય તમારામાં થઈ રહ્યું છે. એમાં સમય લાગી જાય છે એ વાતે તમારે નિરાશ ન થવું જોઈએ. ... એક વખત તમે આ માર્ગ પસંદ કરી લીધા પછી તમારે એને વળગી રહેવાનું છે... આ માર્ગ છે વિશાળ અને જ્યાં કોઈ ગયું ન હોય એવો સાગર એ છે; જેના દ્વારા તમે વિશ્વના બધા ભાગોમાં મુસાફરી કરી શકો અને અનંતની સ્વતંત્રતામાં પ્રવેશ પામી શકો. તમારે જેની જરૂર છે તે સર્વ છે : વહાણ, સુકાન, હોકાયંત્ર, ચાલકબળ અને કુશળ કપ્તાન. તમારું વહાણ એ છે બ્રહ્મવિદ્યા, શ્રદ્ધા છે તમારું સુકાન, આત્મ-સમર્પણ છે તમારું હોકાયંત્ર. ચાલકબળ છે 'તે' - 'માતા' - જે ઈશ્વરના આદેશથી જગતને સર્જે છે, એનું માર્ગદર્શન કરે છે અને એ જગતોનો વિનાશ કરે છે. અને પ્રભુ પોતે છે તમારા કુશળ કપ્તાન. પણ પ્રભુની પોતાની એક રીત હોય છે અને સર્વને માટે પ્રભુનો પોતાનો નક્કી કરેલો સમય પણ હોય છે. (CWSA 13 : 87-88)

***

શક્તિનું કાર્ય

પરમ શક્તિ, અનંત અને શાશ્વત પ્રભુની શક્તિ આપણી અંદર ઊતરી આવે છે, કાર્ય કરે છે, આપણાં હાલનાં માનસિક ચણતરો તોડી પાડે છે, દરેક દીવાલ ધૂળ ભેગી કરે છે, આપણને વિશાળતા આપે છે, મુક્ત કરે છે; આપણને દર્શન, ખ્યાલ અને સમજની તેમ જ પ્રાણનાં પ્રેરક બળોની નવી વિશાળ શક્તિઓ સતત આપ્યા કરે છે. આપણા આત્મા અને તેનાં કરણોને વિશાળ કરવાનું તથા નવા ઘાટ આપવાનું કાર્ય વધારે ને વધારે કર્યે જાય છે; આપણી દરેક અપૂર્ણતાને પકડમાં લઈ દૂર કરવા એને આપણી સમક્ષ રજૂ કરે છે; વિશાળ પરિપૂર્ણતાઓના દરવાજા ખોલી આપે છે; ટૂંકા ગાળામાં અનેક જિંદગીઓનું, કે યુગોનું કાર્ય કરી આપે છે કે જેથી કરીને આપણી અંદર નૂતન જન્મો અને નૂતન પ્રદેશો સતત ખૂલતા

જ રહે. વિશાળતા એ એનું કાર્ય હોવાથી આપણી ચેતનાને શરીરનાં બંધનમાંથી છૂટી કરી આપે છે; તેથી, સમાધિ, નિદ્રા કે ખુદ જાગ્રત અવસ્થામાં પણ છે બીજી દુનિયાઓ, કે આ જ દુનિયાના અન્ય પ્રદેશોમાં પ્રવાસે જઈ શકે છે અને ત્યાં જઈ કાંઈ કાર્ય કરી શકે છે, કે ત્યાંની અનુભૂતિઓને અહીં પાછી આણી શકે છે. આપણી ચેતના ફેલાતી જાય છે અને શરીરને પોતાના એક નાનાશા ભાગ તરીકે જ જુએ છે, અને આજ સુધી પોતે જેમાં સમાઈ રહેતી હતી એ શરીરને પોતાનામાં સમાવે છે; તે સમગ્ર વિશ્વની ચેતનાને પ્રાપ્ત કરે છે અને તેના જ જેટલી વિશાળ બને છે. દુનિયામાં વિચરી રહેલાં બળોને તે અંદરથી, અને સીધેસીધાં જ, જાણવાનું શરૂ કરે છે — માત્ર બાહ્ય દૃષ્ટિ અને સંપર્ક દ્વારા જ નહિ–; તેમના પ્રવાહોને પારખે છે, તેમનાં કાર્યોને અલગ તારવી કાઢે છે અને કોઈ વૈજ્ઞાનિક જેમ ભૌતિક બળોની ઉપર કાર્ય કરે છે તેમ, તેમની ઉપર સીધું જ કાર્ય કરી શકે છે; તેમનાં કાર્યો અને પરિણામોનો આપણાં મન, પ્રાણ અને શરીરમાં સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે; અને તેમને સુધારી બદલી, નવા ઘાટ આપી પ્રકૃતિનાં જૂનાં, નાનાં કાર્યોની જગ્યાએ નવી પ્રચંડ શક્તિઓ અને પ્રવાહો સર્જી શકે છે. વિશ્વવ્યાપી મનની શક્તિ જે કાર્ય કરી રહી છે તે આપણને દેખાવા માંડે છે અને આપણા વિચારો, તે કાર્યનાં પરિણામે, કેવી રીતે સર્જાય છે તે આપણે જાણી શકીએ છીએ; આપણી સાચી અને ખોટી સમજને આંતરિક રીતે અલગ પાડી શકીએ છીએ; તેને વિસ્તારી શકીએ છીએ, તેની અર્થ-સૂચકતાને વધારે વ્યાપક કે ઉજ્જવલ કરી શકીએ છીએ; આપણાં મન અને કાર્ય પર પ્રભુતા મેળવીએ છીએ અને આપણી આજુબાજુની દુનિયાના માનસિક પ્રવાહોને આકાર આપવા શક્તિમાન અને સક્રિય થઈએ છીએ. આપણે વિશ્વવ્યાપી પ્રાણની શક્તિના પ્રવાહો અને તરંગો પકડવા માંડીએ છીએ; આપણી લાગણીઓ, ઊર્મિઓ, સંવેદનો, આવેગોનાં મૂળ અને નિયમો શોધી શકીએ છીએ; તેમનો સ્વીકાર કે અસ્વીકાર કરવા કે તેમની નવરચના કરવા તેમ જ પ્રાણશક્તિનાં વધારે ઊંચાં સ્તરો પર પહોંચવાની સ્વતંત્રતા પ્રાપ્ત કરીએ છીએ. વળી આપણને જડ તત્ત્વના કોયડાની ચાવી પણ હાથ લાગવા માંડે છે; તેની ઉપર મન, પ્રાણ અને ચેતનાના પ્રવાહોનાં થતાં કાર્યો પકડાય છે; તે તેમના એક કરણ તરીકે કાર્ય કરતું હોય છે કે માત્ર તેમની એક અસર જ હોય છે તે સ્પષ્ટ થાય છે; છેવટે એ મૂળ ભેદ પણ ખૂલી જાય છે કે જડ તત્ત્વ એ માત્ર શક્તિનું જ એક સ્વરૂપ નથી પણ તેમાં સુષુપ્ત અને કેદી તરીકે પકડાએલી, કે કાચી-પાકી સ્થપાએલી અને મર્યાદિત ચેતનાનું પણ એ એક સ્વરૂપ છે; વળી તેની મુક્તિની તેમ જ ઉચ્ચ શક્તિઓને તેના સાનુકૂળ પ્રત્યુત્તરની સંભાવના પણ આપણને દેખાવા માંડે છે; તેનાથી આગળ વધીને, તે આત્મતત્ત્વનું, આજે છે તેવું મોટા ભાગનું અચેતન નહિ પણ, સચેતન મૂર્ત સ્વરૂપ અને અભિવ્યક્તિ બની શકે તેમ છે તે પણ સમજાય છે. આપણી અંધ ચેતનાના વિરોધ અને માથાકૂટની સામે થઈને તથા અર્ધ સચેતન પદાર્થનું પૂર્ણ સચેતન પદાર્થમાં રૂપાંતર કરવા જતાં જે સંગ્રામ ખેલવો પડે તથા પ્રગતિ અધોગતિ — ફરી પ્રગતિની જે હારમાળા વટાવવી પડે તે સર્વમાંથી પસાર થઈને પણ દિવ્ય

શક્તિનું કાર્ય આપણી અંદર વધતું જ જાય છે, તથા વધારે ને વધારે મહાન વિશુદ્ધિ, સત્ય, ઉચ્ચતા અને વિશાળતાઓ તરફ આગળ વધ્યે જ જાય છે; અને તેની સાથે ઉપરની બધી જ અને એનાથી પણ વધારે પ્રાપ્તિઓ મળવાની શક્યતા વધતી જાય છે. અને તેનો બધો આધાર રહે છે આપણી અંદરની ચૈત્યસિક જાગ્રતિ ઉપર તથા મહાશક્તિને મળતા આપણા પ્રત્યુત્તર ઉપર તેમ જ વધતાં જતાં આપણાં સમર્પણ ઉપર. (યોગમાર્ગોનો સમન્વય-૧ : પૃ. ૨૧૨-૧૪)

***

નવું જન્મેલું બાળક બની રહો

આત્મા, ચૈત્યપુરુષ, દિવ્ય સત્ય સાથે સીધા સંપર્કમાં હોય છે, પરંતુ માનવમાં તે મન, પ્રાણમય સ્વરૂપ અને શારીરિક પ્રકૃતિથી ઢંકાયેલો હોય છે. સાધક યોગના અનુસરણ દ્વારા મન અને તર્કબુદ્ધિમાં પ્રકાશો પ્રાપ્ત કરી શકે, પ્રાણમય સ્વરૂપમાં થતા બધા પ્રકારના અનુભવોમાં પોતે ખીલી ઊઠે અને શક્તિ પ્રાપ્ત કરી શકે; આશ્ચર્યજનક શારીરિક સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી શકે, પરંતુ આ કરણોની પાછળ રહેલ સાચું આત્મસ્વરૂપ, ચૈત્યપુરુષ આવિર્ભાવ ન પામે, અગ્રભાગે સ્થિત ન થાય તો કાંઈ પણ સત્ય વસ્તુ સિદ્ધ થઈ શકે નહિ. આ યોગમાં ચૈત્યપુરુષ જ એક એવી વસ્તુ છે જે બાકીની પ્રકૃતિને સત્ય, અતિમાનસિક પ્રકાશ પરત્વે, પરમ આનંદ પરત્વે અભિમુખ કરે છે. મન પોતે કરીને પોતાના જ ઊર્ધ્વ પ્રદેશોમાં પહોંચી શકે, મન પોતે પ્રશાંત બની જઈ અવૈયક્તિકતામાં વિશાળતા ધારણ કરી શકે છે; એક પ્રકારની સ્થિર મુક્તિ કે નિર્વાણમાં પોતાનું આધ્યાત્મિકરણ પણ કરી શકે. પરંતુ અતિમનસ માટે આધ્યાત્મિકરણ પામેલું મન માત્ર આધાર બની શકે નહિ. જો અંતરતમ આત્મા જાગ્રત થાય, માત્ર મનોમય, પ્રાણમય કે શારીરિક સ્વરૂપમાંથી ચૈતસિક ચેતનામાં નવો જન્મ થાય તો પછી આ યોગ (પૂર્ણયોગ) થઈ શકે. તે સિવાય, માત્ર મન કે અન્ય કોઈ ભાગની શક્તિથી આ યોગ થઈ શકે નહિ. બુદ્ધિગમ્ય જ્ઞાન, મનના ખ્યાલો કે પ્રાણની કામનાઓ પરત્વેની આસક્તિને લઈને ચૈતસિક જન્મનો, શ્રીમાતાજીમાંથી નૂતન જન્મ પ્રાપ્ત કરનાર બાળક બનવાનો ઇનકાર કરવામાં આવે તો સાધનામાં નિષ્ફળતા પ્રાપ્ત થશે. (SABCL, Vol. 24, P. 1095-96)

શ્રી અરવિન્દ

*

વૃત્ત વિશેષ

શ્રી માતાજીની પાદુકાનું પ્રસ્થાપન

શ્રી ઓરો-મા ટ્રસ્ટ સંચાલિત શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, — (૬૩ યશકમલ સોસાયટી, અમદાવાદ) ઉપર ૨ સપ્ટેમ્બર, — જે કેન્દ્રનો સ્થાપના દિવસ છે અને આ વર્ષ તે કેન્દ્રની સ્થાપનાનું ૨૫મું વર્ષ છે — ના શુભ દિવસે શ્રી માતાજીની પાદુકાની પ્રસ્થાપના વિધિ કરવામાં આવી હતી.

અગાઉ ૨૫ ઑગસ્ટના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે પોંડિચેરી આશ્રમમાં શ્રી માતાજીના કક્ષમાં પાદુકા કેન્દ્રના સભ્યોને આશ્રમ ટ્રસ્ટ દ્વારા સોંપવામાં આવી હતી. ૨૭મી ઑગસ્ટને દિવસે અમદાવાદના હવાઈ મથકે પાદુકાનું ભાવભીનું સ્વાગત અમદાવાદ સ્થિત સાધકો દ્વારા કરવામાં આવ્યું હતું. પછી કેન્દ્ર ઉપર ૨૭ ઑગસ્ટથી ૧ સપ્ટેમ્બર દરમિયાન સાંજે ૬-૩૦ કલાકે 'Supreme' પુસ્તકમાંથી નિયમિત વાંચન કરવામાં આવ્યું હતું. ૨ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬-૩૦ કલાકે શ્રી જ્યોતિબહેને 'જીવન સમગ્ર યોગ છે' એ વિષય ઉપર શ્રી માતાજીની વાણીમાં રજૂ થયેલ વિગતો આધારિત સરળ ભાષામાં રજૂઆત કરી હતી. વક્તવ્ય બાદ ૩ મિનિટનું સમૂહધ્યાન થયું હતું અને ત્યારબાદ શ્રી જ્યોતિબહેનના શુભ હસ્તે શ્રી માતાજીની પાદુકાની વિધિપૂર્વક પ્રસ્થાપના કરવામાં આવી હતી. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભાવિકો માટે 'પ્રસાદ'ની વ્યવસ્થા કરવામાં આવી હતી. અનેક ભાવિકોએ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન શ્રી યોગેશ થાનકીએ કર્યું હતું.

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર લુણાવાડાના ઉપક્રમે ૧૫ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ શ્રી અરવિન્દના જન્મ દિવસની ઉજવણી કબીર આશ્રમ, લુણાવાડાના સત્સંગ હૉલમાં આશ્રમના મહંત શ્રી પુરુષોત્તમદાસજી સાહેબની અધ્યક્ષતામાં યોજાએલ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. રાષ્ટ્રદેવો ભવના જયઘોષ સાથે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં પ્રાર્થના અને ધ્યાનનો કાર્યક્રમ થયો. ત્યારબાદ કેન્દ્રના અધ્યક્ષ શ્રી એલ.એ.રાણાએ સ્વાગત પ્રવચન તેમ જ કાર્યક્રમના અધ્યક્ષનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી શાંતિભાઈ પંડ્યાનું પુષ્પગુચ્છથી સ્વાગત કેન્દ્રના ઉપાધ્યક્ષશ્રીએ કર્યું. અને તેઓએ 'વડોદરામાં શ્રી અરવિન્દનું આગમન' એ વિષય ઉપર વક્તવ્ય પણ રજૂ કર્યું હતું. કેન્દ્રના મંત્રી શ્રી ઓપેન્દ્રસિંહજી સોલંકીએ કેન્દ્રની પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કર્યો હતો. અહેવાલ બાદ પ્રસંગે પ્રાપ્ત થયેલ શુભેચ્છા સંદેશાઓનું વાચન કરવામાં આવ્યું હતું. તદુપરાંત કેન્દ્રના ૬થી ૭ સાધકોએ પણ પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં અને ભજનિક શ્રી ચંદુલાલ દરજીએ ભાવવાહી ગીતોનું ગાન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિએ 'શ્રી અરવિન્દ જીવનની લાક્ષણિકતાઓ' વિશે સુંદર રજૂઆત કરી હતી. અંતે કાર્યક્રમના અધ્યક્ષશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ઇન્દ્રવદન એમ. ભાવસારે કર્યું હતું. શ્રી અરવિન્દના જન્મદિવસની ઉજવણી નિમિત્તે લુણાવાડાની કૉટેજ હૉસ્પિટલના ૩૦ દર્દીઓને ફળ તથા બિસ્કીટનું વિતરણ કેન્દ્ર દ્વારા કરવામાં આવ્યું હતું. કેન્દ્રના સાધકોને વડોદરાથી શ્રી નરેન્દ્ર પટેલે મોકલાવેલી ૩૬ પુસ્તિકાઓ આ પ્રસંગે વહેંચવામાં આવી હતી.

***

શ્રી અરવિન્દાયન, હરિકુંજ સોસાયટી, કપડવણજ મુકામે શ્રી અરવિન્દના જન્મદિવસે ૧૫મી ઑગસ્ટે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહનો શુભારંભ પ્રાર્થના, સરસ્વતીવંદનાથી કરવામાં આવ્યો હતો. શ્રી અરવિન્દાયન સંસ્થાના અધ્યક્ષ શ્રી તખ્તસિંહ ઝાલાએ સર્વેનું સ્વાગત કરી શ્રી અરવિન્દ આશ્રમ, પુદુચેરીની વિશિષ્ટતા વિશે જણાવ્યું. સમારોહના અધ્યક્ષ અને મુખ્ય વક્તા ડૉ. પુષ્પાબેહન ભટ્ટે 'શ્રી અરવિન્દે દર્શાવેલ આલોકિત પથ' વિષય પર મનનીય વક્તવ્ય આ પ્રસંગે રજૂ કર્યું હતું. અન્ય કાર્યક્રમમાં શ્રી કે.એસ. યાદવ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રકો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમોનું સંચાલન પ્રા. જીતેન્દ્ર જોશીએ કર્યું હતું. કેન્દ્રના અન્ય સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

***

૬ને ૭ જુલાઈ ૨૦૧૫ના રોજ રાજકોટ કેન્દ્ર ઉપર શ્રી જ્યોતિબહેન થાનકીએ રજૂ કરેલાં વક્તવ્યોની C.D. તૈયાર કરવામાં આવી છે. રસ ધરાવનારાઓ સંપર્ક કરે.
સંપર્ક : જિજ્ઞાબહેન દવે, યોગંજલિ આશ્રમ, દેથલી રોડ, સિદ્ધપુર. મો. ૦૯૮૯૮૬૦૨૩૨૫

આ યોગમાં પ્રવેશનાર વ્યક્તિનો મહા મંત્ર પૂર્ણ સમર્પણનો હોવો જોઈએ, એટલે કે મન, બુદ્ધિ, પ્રાણ અને શરીરનું પૂરેપૂરું મહાશક્તિને અર્પણ. આ સમર્પણ એકાએક સિદ્ધ થવું અશક્ય છે. તેને સિદ્ધ કરવાનાં શરૂઆતનાં અંગો અભીપ્સા, શ્રદ્ધા, ભક્તિ, એકનિષ્ઠા અને આસુરિક તત્ત્વોનો પ્રતિકાર છે. આ મુખ્ય અંગો દ્વારા ધીમે ધીમે વિકાસ પામતાં પૂર્ણ સમર્પણ શક્ય બને છે. જોકે ખરી રીતે શ્રી માતાજીની શક્તિ જ સાધકની અંદર રાત દિવસ સાધનાનું કામ કરતી હોય છે. જ્યારે પૂર્ણ સમર્પણ સિદ્ધ થાય છે ત્યારે મન, બુદ્ધિ, પ્રાણ અને સ્થૂલ શરીરનું એકેએક અણુ ભગવાનનું સાંનિધ્ય અનુભવી શકે છે. તે વ્યક્તિને કોઈ ઇચ્છા કે વાસના રહેતી નથી અને સતત રીતે ઈશ્વર ચેતનામાં સ્થિર રહે છે. ઈશ્વરની ઇચ્છા એ જ તેની પોતાની ઇચ્છા બની રહે છે અને ઈશ્વર પોતે જ તેની મારફત જરૂરી કામ કરાવે છે. ભગવાનની બધી શક્તિઓ, જ્ઞાન, અને આનંદથી તે વિભૂષિત બને છે. ભગવાનનું ક્રિયાત્મક પાસું તે મહાશક્તિ પોતે છે, જેથી સતત રીતે શ્રી માતાજીને યાદ રાખી જીવનમાં બધાં કામો તેમને સમર્પિત કરવાની ભાવના જાગૃત રાખવાથી તેમની શક્તિ તરફ આપણે ખુલ્લાં રહી શકીએ છીએ, જેથી તેમની શક્તિ સાધકની અંદર સતત રીતે કામ કરે છે અને વખત આવતાં સાધકને તેમના થતા કામનો અનુભવ મળે છે.

શ્રી અરવિન્દ

(પૂર્ણયોગની સમીક્ષા : પૃ. ૩૧-૩૨)

(વર્ષ ૦૧ : અંક ૧૦)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017
વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન ડોલર ૧૫

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kirit Indravadan Thakkar.